મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયેતા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૦/૦૨/૨૦૧૫ નાં રોજ સફાઈ તથા કચરા પરિવહનની કામગીરીમાં ઉપયોગમાં લેવાતા તમામ પ્રકારના વાહનો અને સાધન–સામગ્રીની સફાઈ કરી, પાણી ડીર્ટરજન્ટથી ધોવાની કામગીરી કરાવવામાં આવેલ.

જે અંતગર્ત ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશન કરતાં વાહનો – ૨૮૮, ડમ્પર પ્લેસર (કન્ટેઈનર વાહન ) – ૧૪૬, ટ્રક – ૨૯, લોડર મશીન – ૧૭, ટ્રેકટર/ટ્રક – ૫૮, પ્રચાર ગાડી–૦૩ તેમજ ખાળકુવા ગાડી– ૦૪ ઉપરાંત, સાફ–સફાઈ માટે વપરાતા સાધન–સામગ્રીની સફાઈ કરી પાણીથી ધોવડાવવામાં આવેલ છે.

## પ્રેસનોટ

સદર ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા)માં બ્લોક નં. ૧૮૦ માં આવેલ ધ્રુવપાર્ક સોસાયટીમાંથી પસાર થતા મહારાણાપ્રતાપ ચોકથી દેવધ તરફ જતા ૪૫.૦ મી. ના રોડમાં નડતરરૂપ આશરે ૨૫ થી ૩૦ જેટલી કોમર્શીયલ દુકાનોને અગાઉ ધી ગુજરાત ટાઉન પ્લાનીંગ એન્ડ અર્બન ડેવલપમેન્ટ એકટ,૧૯૭૬ તથા એમેન્ડમેન્ટ એકટ, ૧૯૯૯ ની કલમ–૪૮–ક, ૬૭,૬૮ તથા ટાઉન પ્લાનીંગ રૂલ્સ ૧૯૭૯ ના રૂલ ૩૩ મુજબની કબજો દુર કરવાની નોટીસ આપવામાં આવેલ. જે અન્વયે આશરે ૨૧ જેટલા મિલ્કતદારો દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટમાં કોર્ટ કેસ પ્રકરણ કરેલ. સદર કેસનો નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી નિકાલ કરવામાં આવતા સદર રસ્તો ખુલ્લો કરવાનો માર્ગ મોકળો થયેલ. જેના સંદર્ભે સદર કોમર્શીયલ બાંધકામોનું ડીમોલીશન શરૂ કરાવવામાં આવેલ જે અન્વયે સદર રસ્તામાં આવતા અંદાજે ૪૫૦૦ ચો.ફુટ જેટલા બાંધકામોનું ડીમોલીશન શરૂ કરવામાં આવેલ.લિંબાયત ઝોન દ્વારા અગાઉ સુચના આપવાથી અરજદારોએ સ્વૈચ્છિક ડીમોલીશન કરવાની બાંહેધરી આપેલ અને કેટલાક અરજદારો તરફથી સ્વૈચ્છિક ડીમોલીશન કરવામાં પણ આવેલ. આમ છતાં ઘણા અરજદારોએ સુરત મહાનગરપાલિકાની નોટીસને અવગણી રોડ ખુલ્લો ન કરતા લિંબાયત ઝોનના શહેર વિકાસ ખાતાએ આવા અરજદારો સામે નિયમોનુસાર કાર્યવાહી કરી ડીમોલીશનની કામગીરી દબાણના સ્ટાફ અને ખાનગી કોન્ટ્રાકટરોના માણસો દ્વારા ચાલુ કરાવી દેવામાં આવી હતી. સદરહુ ડીમોલીશન છેલ્લા ત્રણ દિવસથી ચાલુ રાખવામાં આવેલ અને આજરોજ તા ૨૧/૦૨/૧૫ ના રોજ પણ ચાલુ રાખવામાં આવેલ હતું.સદર બાબતના કેસનો નામદાર ગુજરાત હાઈકોર્ટ તરફથી પણ નિકાલ કરવામાં આવેલ હોય અસરકર્તાઓ તરફથી ડીમોલીશનની કાર્યવાહીમાં સહકાર આપી સ્વૈચ્છિક ડીમોલીશન શરૂ કરવામાં આવેલ.

આ ઉપરાંત ટી.પી.સ્કીમ નં.૬૧(પરવટ–ગોડાદરા)ના ફા.પ્લોટ નં.૧૭૮/એ માં આવેલ ગાયત્રીનગર સોસાયટીમાં પ્લોટ નં. ૪૬,૪૭ પર મિલકતદારો દ્વારા મંજુરી વગર દુકાનોનું બાંધકામ ચાલુ કરેલ હતું. અત્રેની કચેરીએથી સદરહુ મિલ્કતદારોને બાંધકામ બંધ રાખવા અને બાંધકામ મંજુરી વગર ન કરવા ચેતવણી આપવામાં આવેલ પરંતુ મિલ્કતદારો દ્વારા બાંધકામ ચાલુ રાખવામાં આવેલ. આથી આજરોજ લિંબાયત ઝોનના શહેર વિકાસ ખાતા અને દબાણ ખાતાના સ્ટાફ દ્વારા સદરહુ મિલ્કતમાં સ્લેબ ભરવાના ઈરાદે કરવામાં આવેલ આશરે ૨૦૦૦ ચો.ફુટ જેટલુ શટરીંગ અને સેન્ટીંગ ખોલી કાઢી દુર કરવામાં આવેલ તથા મિલ્કતદારો પાસેથી રૂા. ૧૨,૦૦૦/– દંડ વસુલવામાં આવેલ હતો.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૦/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૬૨ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૪૮ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૪૭ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૧૩૩ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૪૭ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૧,૩૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા લાલ દરવાજા, પટેલવાડી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડ થી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, અખંડ આનંદ સ્કુલની સામેનો વિસ્તાર ત્રિલોકનગર, મીનાનગર વિગેરે વિસ્તારમાંથી કુલ ૩૨૧ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૫,૨૩,૫૭૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૨ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૩૦,૩૧૦/– ની વસુલાત કરી તથા ૦૩ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૮ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૬ એન્ટ્રીમાં રૂા.૫૪,૭૮૦/– અને આર.સી.ની. ૩૨ એન્ટ્રીમાં રૂા.૪,૩૯,૬૫૦/– મળી કુલ રૂા.૪,૯૪,૪૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૧૨ એન્ટ્રીમાં રૂા.૨૮૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૧૬૬૦/– અને દંડ ની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૧૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૫ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે. પાણી ખાતા ધ્વારા ૦૩ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૧૦,૨૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૪,૦૦,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૨૯ ફાઈલના રૂા.૨૪,૫૫,૨૨૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. જમીન મિલ્કત વિભાગ ધ્વારા કોસાડ આવાસની રૂા.૧,૬૦,૯૪૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૨૧.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૦૩ ફાઈલના રૂા.૨૧.૭૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૫ લોકેશન(ખાડા)૨૩૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૬.૨૦૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૫ લોકેશન(ખાડા) ૧૦૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૬ લોકેશન ૨૬૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે. , તથા ટી.પી.૪૮(ભેસ્તાન) ભેસ્તાન ખાડી થી અઝરા ફર્નીચર સુધી સુરત નવસારી મેઈન રોડ પર બાંધકામ ૧૦૦.૦ ચો.મી. માપ વિસ્તારમાં નડતરરૂપ ઓટલા દૂર કરવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન કુલ ૫૧ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૭૦૯૫/– વસુલ લેવામાં આવેલ,આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૨૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૯૭ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૧.૦૦ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૫.૯૩ લાખ થયેલ છે.,૧૮ ભ્રહ તથા ૦૮ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૫૮૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૫૫ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૨૦ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૯૦ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૪.૦૭ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૪૬ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૩૪૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૧૧૫૩૭ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૨૨૧૯૩ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૫૫ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૮૭ કરવામાં આવેલ છે. જયારે ૨૫ નોટીસ આપવામાં આવેલ છે. .તથા વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

# પ્રેસ નોટ

સુરત મહાનગરપાલિકાના પશ્ચિમ ઝોન(રાંદેર)માં આજરોજ તા.૨૧/૦૨/૨૦૧૫ના રોજ ટી.પી.૧૪(રાંદેર–અડાજણ), ફા.પ્લોટ નં.૯૭ પૈકી માં આવેલ પ્રેરણા નગર સોસાયટીના ઉત્કર્ષ એપાર્ટમેન્ટમાં ત્રીજા માળ પર થયેલ ગેરકાયદેસર પરવાનગી વગરનું આશરે ૬૦૦.૦૦ ચો.ફુટમાં થયેલ પતરાના રૂફીંગવાળા બાંધકામના ડિમોલીશનની કામગીરી કરવામાં આવેલ છે. તેમજ મિલ્કતદાર પાસેથી વહીવટી ખર્ચ પેટે રૂા.૫૦૦૦/– ની રકમ વસુલ લેવામાં આવેલ છે.

## પ્રેસનોટ – ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનનાં ઝોનલ ટાઉન પ્લાનર(બી) અને કાર્યપાલક ઈજનેરશ્રીની સીધી સૂચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૧૧, નોંધ નં.૨૪૦૭, અ/૨, ૫ટની કોલોની, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૨/૦૫/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ કરેલ વધારાના માળમાં આશરે ૧૫૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, તથા આશરે ૪૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ ચણતર સહિતનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૨૧/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે

## :: પ્રેસનોટ ::

ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વડોદરા મહાનગર સેવા સદન દ્વારા ગુજરાત રાજયની આઠ મહાનગર સેવા સદનની મા.મેયરશ્રીની અને મા.કમિશ્નરશ્રીની ટીમો વચ્ચે ''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે–નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ''નું આયોજન આગામી તા.૨૨/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ દરમ્યાન મોતીબાગ પેલેસ ગ્રાઉન્ડ, વડોદરા ખાતે થઈ રહયું છે.

આ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ તા.૨૨/૦૨/૨૦૧૫ને રવિવારે સાંજે ૪.૦૦ કલાકે મોતીબાગ પેલેસ ગ્રાઉન્ડ, વડોદરા યોજાનાર છે.

તા.૨૨/૦૨/૨૦૧૫ના રોજથી દરરોજ પ્રથમ મેચ સાંજે ૪.૦૦ કલાકથી કમિશ્નરશ્રીની ટીમો વચ્ચે જયારે રાત્રે ૮.૦૦ કલાકથી મેયરશ્રીની ટીમો વચ્ચે મેચો રમાશે. પ્રથમ દિવસે વડોદરા મહાનગરપાલિકાની અને ગાંધીનગર મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમો અને મેયરશ્રીની ટીમો વચ્ચે ક્રિકેટ મેચ યોજાશે. સુરત મહાનગરપાલિકાની મેયરશ્રી ટીમ અને કમિશનરશ્રીની ટીમ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા વડોદરા જનાર છે. જે તા.૨૩/૦૨/૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ગત વર્ષની ચેમ્પીયન સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ જુનાગઢની કમિશનરશ્રીની ટીમ સાથે રમશે. જયારે રાત્રે ૮.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમ પણ જુનાગઢ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમ સાથે રમશે. બંને ટીમોની સફળતા માટે મા.મેયરશ્રી અને કમિશ્નરશ્રીએ શુભેચ્છા પાઠવેલ છે.

## સ્વાઈન ફલુ અને વેકટર બોર્ન ડીસીઝ માટે મેડીકલ તજજ્ઞોને સેન્સીટાઈઝ કર્યા

ગર્વમેન્ટ મેડીકલ કોલેજ, સુરત અને સુરત મહાનગરપાલિકાનાં સંયુકત ઉપક્રમે સુરત મેડીકલ કોલેજ, સ્મીમેર મેડીકલ કોલેજ અને વલસાડ મેડીકલ કોલેજનાં પી.એસ.એમ.ડીપાર્ટમેન્ટનાં એસોસીએટ પ્રોફેસર, આસી.પ્રોફેસર અને રેસીડન્ટ ડોકટરો મળી કુલ ૪૬ ડોકટરોને સ્વાઈન ફલુ રોગ અંગેની જાણકારી મળી રહે અને તે અંગે રાખવા જોગ તકેદારીનાં પગલાઓ લેવા બાબતનો એક ટ્રેનીંગ વર્કશોપ સિવીલ હોસ્પિટલ, સુરત ખાતે તા.૨૦–૨–૧૫ થી તા.૨૧–૨–૧૫ દરમ્યાન રાખવામાં આવેલ હતો. આ ટ્રેનીંગ વર્કશોપમાં ગર્વમેન્ટ ઓફ ઈન્ડીયાના, રીજીયોનલ ઓફિસ ઓફ હેલ્થ અને ફેમીલી વેલફેરનાં ડો. જી.સી.શાહુ અને સુરત મહાનગરપાલિકાના જંતુનાશક અધિકારી ડો. કેશવ વૈષ્ણવ દ્વારા વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી. આ ટ્રેનીંગ વર્કશોપમાં સ્વાઈન ફલુની ટ્રીટમેન્ટ કરતી વખતે રાખવા જોગ કાળજી, સેમ્પલ કલેકટ કેવી રીતે કરવું તેમજ તે અંગેનું રીપોર્ટીંગ કેવી રીતે કરવું તે અંગેની વિસ્તૃત જાણકારી આપવામાં આવેલ હતી. પી.એસ.એમ.વિભાગ દ્વારા સ્વાઈન ફલુના દર્દીઓનું મોનીટરીંગ, રીપોર્ટીંગ અને એનાલીસીસ બાબતની પણ ચર્ચા કરવામાં આવેલ. આ ટ્રેનીંગ વર્કશોપમાં વેકટર બોર્ન ડીસીઝ જેવા કે ફાઈલેરીયા, મેલેરીયા અને ડેન્ગ્યું જેવા રોગો અંગેની જાણકારી પણ આપવામાં આવી હતી, તેમજ સદર રોગો અંગેની જાણકારી માટેનું પ્રેઝન્ટેશન અને ડેમોન્સ્ટ્રેશન પણ કરવામાં આવેલ હતું. ટ્રેનીંગ વર્કશોપના અંતે ડો.જયેશ કોસંબીયા, એડીશનલ પ્રોફેસર, મેડીકલ કોલેજ, સુરત દ્વારા સમાપન કરવામાં આવેલ.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયેતા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૦/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં વપરાશમાં લેવાતા પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષક દ્વારા કરાવવામાં આવેલ.

જે અંતગર્ત વિવિધ ઝોન વિસ્તારમાંથી પ્રતિબંધિત ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાઈકલેબલ પ્લાસ્ટિક જપ્ત કરવાની કામગીરી બાબતે કુલ ૧૬૬૧ સંસ્થાઓનું ચેકિંગ કરી, કુલ ૩૪૨ સંસ્થાને નોટીસ આપી, કુલ ૨૧૭.૪૫૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવેલ તથા રૂા.૨,૧૭,૪૫૦/– વહીવટી ખર્ચ વસુલ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ

હાલમાં સમગ્ર ગુજરાતમાં સ્વાઈન ફલુની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, ગુજરાત રાજયનાં ચીફ સેક્રેટરીશ્રી એ ગુજરાતનાં તમામ કલેકટર તથા મ્યુ. કમિશ્નરોની આજ રોજ સવારે ૯–૩૦ કલાકે વિડીયો કોન્ફરન્સ યોજી હતી. આ કોન્ફન્સમાં મળેલ સુચન મુજબ સુરત મહાનગરપાલિકા ખાતે કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં શહેરની મોટી હોસ્પીટલો, મેડીકલ એસોસીએશનનાં પ્રતિનિધિઓ, સામાજીક સંસ્થાઓ, સીનેમાગૃહોનાં માલિક/મેનેજર, મોલનાં માલિક/મેનેજર સાથે આજરોજ બપોરે ૩–૩૦ કલાકે મીટીંગ રાખવામાં આવી હતી. જેમાં હોસ્પીટલો, સામાજીક સંસ્થાઓ, સીનેમાગૃહો/મોલનાં ૧૪૦ જેટલા પ્રતિનિધિ હાજર રહયા હતા.

આ મીટીંગમાં સ્વાઈન ફલુની સારવાર માટે હોસ્પીટલમાં પૂરતી વ્યવસ્થા રાખવામાં આવે અને નિયત ગાઈડ લાઈન મુજબ સારવાર મળી રહે તે માટે કટીબધ્ધ રહેવા સુચન કરવામાં આવ્યું છે. આ માટે પ્રાઈવેટ હોસ્પીટલોને સુરત મહાનગરપાલિકાની જો કોઈ જરૂરીયાત હશે તો તે પુરી પાડવામાં આવશે. આ મીટીંગમાં ૧૪ હોસ્પીટલોએ ઓ.પી.ડી. વિનામૂલ્યે જોવા માટે તથા ૧૨ હોસ્પીટલોએ બી.પી.એલ. (ગરીબ) દર્દીઓને વિનામૂલ્યે સારવાર આપવા સંમતિ આપી હતી.

સ્વાઈન ફલુની સારવાર માટે એકરાગીતા જળવાય રહે તે માટે એક્ષપર્ટ કમિટિની રચના કરવાનું સુચન કર્યુ. પ્રાઈવેટ હોસ્પીટલ તથા અર્ધ સરકારી હોસ્પીટલમાં સ્વાઈન ફલુની સારવાર લેનાર ગરીબ દર્દીઓને વિનામુલ્યે સારવાર આપવા અપીલ કરવામાં આવી.

સામાજીક સંસ્થાઓને સમાજમાં આ રોગ અંગેની જનજાગૃતિ માટે સાથ સહકાર આપવા અપીલ કરવામાં આવી તથા જરૂરીયાતમંદ લોકોને માસ્ક તથા ઉકાળો પીવડાવવા માટે મદદરૂપ થવા જણાવ્યુ.

સીનેમાગૃહો/મોલમાં પ્રવેશધ્વાર પર શરદી, ખાંસીવાળા વ્યકિતઓને માસ્ક આપવા તથા તે અંગેનો સ્ટોલ બનાવવા જણાવ્યું. આ રોગનાં લક્ષણો તથા ઉપાય અંગેની જનજાગૃતિ માટે વીડીયો / ઓડીયો બનાવી બતાવવા/સંભળાવવા સૂચના આપવામાં આવી.

# પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

આથી જણાવવાનું કે, મા.કમિશનરશ્રી, સુરત મહાનગરપાલિકાના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૩/૦૨/૧૫ ના સેન્ટ્રલ ઝોન ખાતે સ્વાઈન ફ્લુ રોગ અટકાયતી નીચે મુજબના પગલાઓ ભરવામાં આવેલ છે/કામગીરીઓ કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોનની કુલ–૧૦૦ જેટલી નગર પ્રાથમિક શાળા અને ખાનગી શાળાઓના પ્રિન્સીપલો/મુખ્ય શિક્ષકોને ઝોન કક્ષાએ મીટીંગમાં રોગ અટકાયતી પગલાઓ લેવા માર્ગદર્શન આપેલ છે તેમજ શાળાના બાળકોને અને તેઓ મારફતે તેમના વાલીઓને નીચે મુજબની સુચનાઓ આપેલ છે.

- શરદી, ખાંસી, તાવના ચિહનો ધરાવતા બાળકોએ શાળાએ ન જઈ ઘરે રહેવુ. ઘરે અન્ય સભ્યોને મળવુ નહિ તેમજ ચિહનો ધરાવનારે મોંઢે માસ્ક પહેરીને જ રહેવું.
- શરદી, ખાંસી, તાવના દર્દીઓએ તાત્કાલિક સીવીલ/સ્મીમેર/મસ્કતિ/હેલ્થ સેન્ટર કે અન્ય હોસ્પિટલોમાંથી સારવાર મેળવવી.
- લક્ષણો ધરાવનારે ૧૦ દિવસ સુધી સંપુર્ણ આરામ કરવો. પોષ્ટિક ખોરાક લેવા, પુષ્કળ પ્રવાહી લેવું.

(૨) સેન્ટ્રલ ઝોનના ૦૮ શહેરી આરોગ્ય કેન્દ્રોના વિસ્તારમાં આવેલ ૭૭ જેટલી ખાનગી હોસ્પિટલોમાં મેડીકલ ઓફિસરો ધ્વારા રૂબરૂ સંપર્ક કરાવી રોગ અટકાયતી પગલાઓ લેવા, દાખલ થતા દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ, ૧૦% અનામત બેડ રીઝર્વ રાખવા, ગરીબ દર્દીઓ/તમામ દર્દીઓ માટે સ્વાઈન ફ્લુની વિનામુલ્ય સારવાર ઉપલબ્ધ કરાવવા તેમજ આ બાબતના બોર્ડ લગાડવા માટેની સુચનાઓ આપી. ખાનગી તબીબો ધ્વારા સ્વાઈન ફ્લુ દર્દીઓની સારવાર બાબતે ઉપલબ્ધ કરાવેલ સુવિધાઓ ક્રોસ ચેક કરવામાં આવેલ છે.

વધુમાં ૧૨ જેટલી ખાનગી હોસ્પિટલોના સ્વાઈન ફ્લુ દર્દીઓની સારવાર બાબતના અન્ડરટેકીંગ ફોર્મ ભરાવી સુવિધાઓ ઉપલબ્ધ કરાવવાની કાર્યવાહી કરવામાં આવી.

(૩) સેન્ટ્રલ ઝોનની કુલ ૭૧ જેટલી સરકારી/ખાનગી બેંકો, ૩૮ કોમર્શીયલ કોમ્પલેક્ષ, ૧૧ શોપીંગ મોલ તેમજ ૪૭ જેટલી ટેક્ષટાઈલ માર્કેટોમાં નીચે જણાવેલ સુચનાઓ આપવામાં આવી.

- શરદી, ખાંસી, તાવના ચિહનો ધરાવતા શહેરીજનોએ ધંધા, નોકરી, રોજગારે જવુ નહિ તેમજ ઘરે રહેવુ. ઘરે અન્ય સભ્યોને મળવુ નહિ તેમજ ચિહનો ધરાવનારે મોંઢે માસ્ક પહેરીને જ રહેવું.
- શરદી, ખાંસી, તાવના દર્દીઓએ તાત્કાલિક સીવીલ/સ્મીમેર/મસ્કતિ/હેલ્થ સેન્ટર કે અન્ય હોસ્પિટલોમાંથી સારવાર મેળવવી.
- લક્ષણો ધરાવનારે ૧૦ દિવસ સુધી સંપુર્ણ આરામ કરવો. પોષ્ટિક ખોરાક લેવા, પુષ્કળ પ્રવાહી લેવું.

(૪) સેન્ટ્રલ ઝોનના કુલ ૦૭ સીનેમા ઘરોમાં સિનેમા ઘરની બહાર બોર્ડ મરાવી સીનેમા ઘરમાં આવતા ઈસમો પૈકી શરદી, ખાંસી, તાવ વાળા દર્દીઓને સીનેમા ઘરમાં ન આવવા તેમજ શંકાસ્પદ લક્ષણો ધરાવતા ઈસમોને ગેટ પર સ્ક્રીન કરી મોંઢે માસ્ક બાંધીને જવા જ સુચના આપી અને આવો અમલ ન થયે સીનેમા ઘરો બંધ કરી દેવાની તાકીદ કરેલ છે.

(૫) સેન્ટ્રલ ઝોનના ઈજનેરી વિભાગ મારફત કુલ–૭૨ બેલદારો, ૦૪ મઝદા ટ્રક, ૦૮ હાથલારી તેમજ તગારા, પાવડા જેવા સાધનો સાથે રાખી સફાઈ ઝુંબેશ/સ્ક્રેપીંગ વિગેરેની કામગીરી હાથ ધરવામાં આવેલ. જેમાં ૨૪૦૦ ચો.ફુટ સ્ક્રેપીંગની કામગીરી કરીને ૨૦ લારી જેટલો માટી–છારૂ તથા કચરો ભરવામાં આવેલ અને ૨૦ રનીંગ ફુટ વોટર ટેબલ રીસેટ કરવામાં આવેલ. સદર કામગીરી નવાપુરા, સૈયદપુરા મટન માર્કેટ તથા શાકભાજી માર્કેટ, ઝાંપાબજાર મટન માર્કેટ તથા નાનપુરા માછીવાડ વિસ્તારમાં કરવામાં આવેલ છે.

# નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૧/૦૨/૨૦૧૫ અને તા.૨૨/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૫૧૬ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૧૨૨ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૭૧,૧૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૭૮ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૦૨૬૭ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૫૧૨ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૩૪ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૨૫ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ખર્ચના રૂા.૭,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ, વિ., ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડ, ડભોલી, સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી વિગેરે ઉત્રાણ  વિસ્તારમાંથી કુલ ૩૩૨ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૯,૦૧,૫૦૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૬ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૫૦,૫૧૦/– ની વસુલાત કરી તથા ૦૨ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૪૦ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૨ એન્ટ્રીમાં રૂા.૩૫,૮૩૦/– અને આર.સી.ની. ૧૮ એન્ટ્રીમાં રૂા.૧,૧૬,૨૨૦/– મળી કુલ રૂા.૧,૫૨,૦૫૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૬ એન્ટ્રીમાં રૂા.૧૬૦/–, રીન્યુઅલની ૧૭ એન્ટ્રીમાં રૂા.૧૦૨૦/– અને દંડ ની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૮૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૨૦ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે. પાણી ખાતા ધ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૬૦,૮૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૮૩ ફાઈલના રૂા.૧૯,૪૨,૩૬૪/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ ધ્વારા કોસાડ આવાસની રૂા.૧,૦૦,૯૨૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. મંડપ ચાર્જના રૂા.૭૫૦/–, દબાણ ચાર્જના રૂા.૨,૪૨૦/– મળી કુલ રૂા.૧,૦૪,૦૯૦/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૩૭ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# સાઉથ ઝોન (ઉધના) – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા નાં મે. કમિશ્નરશ્રીનાં આદેશાંનુસાર તેમજ હાલની સ્વાઈન ફલુ ની વકરતી જતી ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ અગમચેતી તેમજ સાવચેતીનાં પગલા રૂપે સુરત મહાનગરપાલિકાના સાઉથ ઝોન (ઉધના) નાં આરોગ્ય વિભાગ દ્વારા તા.૨૧/૦૨/૨૦૧૫ નાં રોજ ઝોન વિસ્તારમાં આવેલ હોટલ, રેસ્ટોરન્ટ, ખાણી–પીણીની સંસ્થાઓ/ લારીઓ પર આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરી ૨૨ કિ.ગ્રા. અખાદ્યય પદાર્થનો નાશ કરાવેલ છે. તેમજ સરકારી/ ખાનગી દવાખાના હોસ્પીટલો, લેબોરેટરીઓ મળી કુલ ૪૦ સંસ્થાઓમાં બાયોમેડિકલ વેસ્ટના નિકાલ અંગે પણ ચેકીંગ હાથ ધરવામાં આવેલ છે. તેમજ પર્યાવરણની જાળવણીનાં ભાગરૂપે પ્રતિબંધિત પ્લાસ્ટીકનો ઉપયોગ કરતી સંસ્થાઓ ચેક કરી ૧૯.૨૦૦ કિ.ગ્રા પ્રતિબંધિત પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરવામાં આવે છે.

આમ, ઉપરોકત જણાવેલ સમગ્ર અભિયાન દરમ્યાન ૨૩૬ સ્થળોએ વિવિધ બાબતોએ ચેકીંગ હાથ ધરી કસુરવાર કુલ ૧૩૮ ઈસમો પાસેથી વહીવટી ખર્ચ રૂા.૧,૧૭,૧૦૦/– વસુલવામાં આવેલ છે.

તા.૨૩/૦૨/૨૦૧૫ નાં રોજ હાલની સ્વાઈન ફલુ ની વકરતી જતી ગંભીર પરિસ્થિતિને ધ્યાને લઈ અગમચેતી તેમજ સાવચેતીનાં પગલા રૂપે ઝોન વિસ્તારનાં વડોદમાં આવેલ વિડીઓ થીયેટરો– ૦૬ માં ખુબજ ગંદકી હોવાને કારણે બંધ કરાવેલ છે. તેમજ બમરોલી વિસ્તારમાં ૨૭ સ્ક્રીન ધરાવતાં ૩ (ત્રણ) વિડીયો થીએટરનાં માલિકોને, કે જયાં વધુ પ્રમાણમાં લોકો એકઠા થતા હોવાથી આરોગ્ય વિષયક ચેકીંગ હાથ ધરી નોટીસ આપવામાં આવેલ છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૩/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરમાં જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલો જેવા તમાકુ પ્રોડોકટસના વેચાણ અર્થે પ્રતિબંધિત વિસ્તારોમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બીડી સિગારેટ તથા અન્ય તમાકુની બનાવટોના વેચાણ તથા જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધના અમલીકરણના ચેકીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલોની આસ–પાસના વિસ્તારોમાં તમાકુ પ્રોડકટસનું વેચાણ કરતી કુલ ૫૫૩ લારી / પાનના ગલ્લા / સંસ્થાઓમાંથી, ૨૨૫–ગુટખા, ૧૬૧– તમાકુની પડીકી, ૮૬– બીડી બંડલ અને ૯૧– સિગારેટ પેકેટસ જપ્ત કરી, કુલ–૨૯ નોટીસ પાઠવી, રૂા. ૨૪,૧૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ સ્વાઈન ફ્લુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ—

(૧) સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે આવેલ નીચે મુજબની હોસ્ટેલ/છાત્રાલયમાં એકટીવ સર્વેલન્સ કરી ખાંસી, શરદી, તાવના દર્દીઓ સંદર્ભે ઘનિષ્ઠ કામગીરી હાથ ધરવામાં આવેલ જે પૈકી એસ.વી.એન.આઈ.ટી કોલેજમાં ૧૦ વિદ્યાર્થીઓને ખાંસી, શરદી જણાતા આનુસાંગિક સારવાર આપવામાં આવેલ જયારે અન્ય તમામ હોસ્ટેલમાં કોઈ દર્દી મળેલ ન હતાં. આમ, છતાં જનજાગૃતિના પગાલા લેવામાં આવેલ.

હોસ્ટેલ :—

— એસ.વી.એન.આઈ.ટી હોસ્ટેલ

— ગાંધી એન્જીનીરીંગ કોલેજ હોસ્ટેલ

— આઈ.ટી.આઈ. કોલેજ

— સાઉથ ગુજરાત યુનિર્વસીટી કેમ્પસ

— કસ્તુબા કન્યા વિદ્યાલય

— પરિક્ષીત મજબુતદાર છાત્રાલય

— ભગવાન મહાવીર કોલેજ

— ડી.આર.બી. કોલેજ

—પી.ટી. સાયન્સ / એમ.ટી.બી. હોસ્ટેલ

— કે.પી. કોમર્સ કોલેજ

(૨) આજ રીતે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે આવેલ નીચે મુજબના મોટા શોપીંગ કોમ્પલેક્ષ/મોલ કે જાયં જાહેર જનતાની અવર—જવર વધારે રહે છે ત્યાં સ્વાઈન ફલુ સંદર્ભે માહીતી ડેસ્ક શરૂ કરવામાં આવેલ છે. જેમાં મુલાકાતીઓ પૈકી જેઓને ખાંસી, શરદી જણાય તેઓને ફરજીયાત પણે માસ્ક વિતરણ કરવાની તેમજ જનજાગૃતિ અભિયાન રૂપે હેન્ડબિલ/પેમ્પલેટ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવેલ.

મોલ / શોપીંગ મોલ :—

— રાહુલ રાજ મોલ

— વી.આર. મોલ

— સેન્ટ્રલ મોલ

— ઈસ્કોન મોલ

— રીલાયન્સ મોલ

— બીગ બજાર

(૩) આજ રીતે સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે આવેલ નીચે મુજબના મોટા મલ્ટીપ્લેક્ષ/ થિયેટર કે જાયં જાહેર જનતાની અવર—જવર રહેતી હોય છે  ત્યાં સ્વાઈન ફલુ સંદર્ભે માહીતી ડેસ્ક શરૂ કરવામાં આવેલ છે. જેમાં મુલાકાતીઓ પૈકી જેઓને ખાંસી, શરદી જણાય તેઓને ફરજીયાત પણે માસ્ક વિતરણ કરવાની તેમજ જનજાગૃતિ અભિયાન રૂપે હેન્ડબિલ/પેમ્પલેટ વિતરણની કામગીરી હાથ ધરવામાં આવેલ.

થિયેટરઃ—

— પી.વી.આર. / રાહુલ મોલ

— વેલેન્ટાઈન સિનેમા

— રાજહંસ સિનેમા

— સીટી પ્લસ

— આઈનોસ / વી.આર.

— સેન્ટ્રલ મોલ / સિનેમેક્ષ

આ ઉપરાંત અલથાણ વોર્ડ વિસ્તારમાં આવેલ ૦૩ વિડીયો થિયેટરના સંચાલકોને નોટીસ પાઠવી ઉપરોકત બાબતે તાકીદ કરવામાં આવેલ છે.

(૪) સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન ખાતે આવેલ વધારે બેડ ધરાવતી હોસ્પિટલોની ડે.કમિશ્નરશ્રી તેમજ નાયબ આરોગ્ય અધિકારીશ્રી દ્વારા રૂબરૂ મુલાકાત લઈ તેઓના આઈસોલેશન બેડ / વેન્ટીલેટરની સુવિધાનું વેરીફીકેશન કરેલ છે. તેમજ મા.કમિશ્નરશ્રી દ્વારા તા.૨૧/૦૨/૧૫ના રોજ સ્વાઈન ફલુ સંદર્ભે આપવામાં આવેલ સુચનાઓનું ચૂસ્તપણે પાલન કરવા તાકીદ કરવામાં આવેલ છે. નીચે મુજબની હોસ્પિટલો દ્વારા નીચે મુજબના બેડ સ્વાઈન ફલુના દર્દીઓ માટે અનામત રાખવામાં આવેલ છે.

હોસ્પિટલઃ—

— યુનીક હોસ્પિટલ (૨૪),

— મીશન હોસ્પિટલ (૪૨),

— ગ્લોબલ સનસાઈન હોસ્પિટલ (૧૨)

— કેર હોસ્પિટલ (૧૧)

(૫) સુરત વુમન્સ એન્ડ ચાઈલ્ડ કેર સંસ્થા તેમજ અમી ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા પનાસ વિસ્તારમાં જનજાગૃતિ અભિયાન કરવામાં આવેલ છે. તેમજ માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ સ્વાઈન ફુલુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ–

(૧) આજ રોજ સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન વિસ્તારમાં આવેલ લારી –ગલ્લા, હોટલ, રેસ્ટોરન્ટનું ધનિષ્ઠ ચેકીંગ કરવામાં આવેલ છે. જે અન્વયે કુલ–૨૧૧ સંસ્થા ચેક કરવામાં આવેલ ૫૯ નોટીસ પાઠવી રૂા. ૩૩,૦૦૦/– વહીવટી વસૂલાત કરવામાં આવેલ છે.

(૨) સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનમાં કુલ– ૫૮ શાળાઓના આચાર્યનો રૂબરૂ સંપર્ક કરી સ્વાઈન ફલુ વિશે તેમજ તેના અટકાયતી પગલાં સંદર્ભે સંપૂર્ણ માહીતી આપી તકેદારી રાખવા જણાવવામાં આવેલ.

(૩) સાઉથ વેસ્ટ (અઠવા)ઝોનમાં સ્લમ /સ્લમ લાઈટ વિસ્તાર, મુખ્ય માર્ગો, આતંરીક માર્ગો પર ૨૭૫૦ કિ.ગ્રા. ચૂનો, ૧૨૦૦ કિ.ગ્રા. મેલેથીયોનનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

(૪) પી.વી.આર. ૨૨ વેલેન્ટાઈન સિનેમા ૨૪ રાજહંસ સિનેમા ૧૭ સીટી પ્લસ ૨૭ આઈનોસ / વી.આર ૨૨ સેન્ટ્રલ મોલ / સિનેમેક્ષ ૧૯ વ્યકિતઓને સામાન્ય શરદી, ખાંસીના ધરાવતા ૧૩૧ વ્યકિતઓને માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે. તેમજ આશરે કુલ્લે– ૧૭૦૦ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે.

(૫) રાહુલ રાજ મોલ ૧૧૦ ઈસ્કોન મોલ ૮૫ તથા બીગ બજાર ૯૦ વ્યકિત સામાન્ય શરદી, ખાંસીના ધરાવતા ૨૮૫ વ્યકિતઓને માસ્કનું વિતરણ કરવામાં આવેલ છે. તેમજ આશરે કુલ્લે– ૧૨૦૦ પેમ્પલેટનું વિતરણ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ




સુરત મહાનગરપાલિકા દ્વારા સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાના સહયોગથી એસ–કનેકટ કાર્ડ દ્વારા ટેપ ટુ પે જેવી પેમેન્ટ સુવિધા સાથે ટ્રાફિક પોઈન્ટની વ્યવસ્થાને જોડવા બાબતનો પાયલોટ પ્રોજેકટનો શુભારંભ માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા દ્વારા તા.૨૪/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવ્યું હતું

આ પ્રસંગે સ્વાગત પ્રવચન કરતા સીટી ઈજનેર શ્રી જતીન શાહએ જણાવ્યું હતુ કે એસ–કનેકટ કાર્ડની અંદર ૧.સફલ ૨.ટ્રાફીક સોલ્યુશન ૩.રીન્યુ થઈ શકે,બુક ખરીદી શકાય ૪.ખચતક ૫.પે એન્ડ પાર્ક જેવી સુવિધાઓ વિશે સમજાવ્યું હતું

આ પ્રસંગે પ્રવચન કરતા માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે જણાવ્યું હતું કે સુરત મહાનગરપાલિકાને સ્ટેટ બેંકના સહયોગથી એસ–કનેકટ કાર્ડ ધ્વારા ટેપ ટુ પેમેન્ટ સુવિધા સાથે ટ્રાફિક પોઈન્ટની વ્યવસ્થાને જોડવા બાબતનો પાયલોટ પ્રોજેકટનો શુભારંભ આજરોજ કરવામાં આવેલ છે.આ કાર્ડ વર્કેબીલીટી અને મોબેલીટી કાર્ડ છે.બ્રાઝિલમાં આ પ્રકારનો કાર્ડ ઉપયોગમાં લેવાય છે.જે લો વેલ્યુ ટ્રાન્ઝેકશન માટે ઉપયોગી છે.આ સીંગલ ઓનર કાર્ડ છે.સુરત મહાનગરપાલિકા ધ્વારા આપવામાં આવેલ કોબ્રાન્ડેડ કાર્ડ  છે.એશિયા માં આ પ્રકારના  કો.બ્રાન્ડેડ કાર્ડનો ઉપયોગ કરવામાં આવે છે.આ કાર્ડનો મલ્ટીપર્પઝ તરીકે ઉપયોગ કરી શકાશે અને ભવિષ્યમાં સુરત મહાનગરપાલિકા ધ્વારા ૩૦ જેટલી સુવિધાઓ કાર્ડ સાથે જોડવામાં આવશે આજે ફકત ૫ ટ્રાફિક પોઈન્ટ ઉપર ઉપલબ્ધ છે. ભવિષ્યમાં વધારે પોઈન્ટોને આવરી લેવામાં આવશે.

આ પ્રસંગે પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના એ જાણાવ્યું હતું કે એસ–કનેકટ કાર્ડ આજે સુરત મહાનગરપાલિકા ધ્વારા ટ્રાફિક સાથે જોડવામા આવ્યું છે. તેનો ઉપયોગ ટ્રાફિક  મેનેજમેન્ટમાં સરળતા રહેશે ટેકનોલોજીના ઉપયોગથી અધિકારીની શાખ વધે છે. અને વહીવટ માં ટ્રાન્સપરન્સી આવશે સુરત કનેકટ–સ્માર્ટ કનેકટ બને એવી શુભેચ્છા વ્યકત કરી હતી.

આ પ્રસંગે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા એ જણાવ્યું હતું કે એસ–કનેકટની સુવિધા ઉભી કરવા માટે કમિશનર તથા તેની ટીમને હદયપુવર્ક અભિનંદન આપ્યા હતા.થોડા સમય પહેલા સુરત મહાનગરપાલિકા ધ્વારા 'સફલ' એપનો શુભારંભ કરવામાં આવેલ છે. આ એપથી શહેરીજનોને કુશળ કારીગરો સહેલાઈ થી મળી શકશે એસ–કનેકટ કાર્ડમા ભવિષ્યમાં ૩૦ થી વધુ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.સુરત મહાનગરપાલિકા ધ્વારા વિકાસની દિશામાં ઝડપથી આગળ વધી રહયુ છે. હાલમાં વડોદરામાં યોજાયેલ  કોન્ફરન્સમાં સુરત મહાનગરપાલિકાનું પાવર પોઈન્ટ પ્રેઝન્ટેશન નિહાળી ઉપસ્થિત તમામ મહાનગરપાલિકાના પદાધિકારી અને અધિકારીઓએ પ્રેઝન્ટેશનની પ્રશંસા કરી હતી.સુરત મહાનગરપાલિકા પ્રથમ સ્થાને રહે એવુ આપનું સ્વપ્ન છે.

આ પ્રસંગે માન.મેયરશ્રી નિરંજન ઝાંઝમેરા, માન.ડે.મેયરશ્રી રંજનબેન.કે.વેકરીયા,માન.અધ્યક્ષશ્રી સ્થાયી સમિતિ શ્રી નિરવ શાહ,માન.નેતાશ્રી શાસક પક્ષ શ્રી કિશોરભાઈ બિંદલ,માન.કમિશનરશ્રી મિલિન્દ તોરવણે ,માન.પોલીસ કમિશનરશ્રી રાકેશ અસ્થાના,માન.જોઈન્ટ સી.પી. શ્રી પારઘી,એસ.બી.આઈના સી.ઈ.ઓ. શ્રી અનુરાગ ગુપ્તા અને એસ.બી.આઈના એ.જી.એમ.શ્રી બોરીચા,તેમજ પ્રેસ પ્રતિનિધિઓ, ફોટોગ્રાફરો, અધિકારીઓ, તેમજ પોલીસ વિભાગના અધિકારીઓ,અને જાહેર જનતા ખુબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવેલ હતો.

# અખબારી યાદી – લિંબાયત ઝોનમાં સ્વાઈન ફલુ અંગેની કરવામાં આવેલ કામગીરીની વિગત

- મે. કમિશ્નરશ્રીની સુચનાથી સ્વાઈન ફલુની પ્રવર્તમાન પરિસ્થિતિ ધ્યાને લઈ લિંબાયત ઝોનના એડી.સીટી ઈજનેરશ્રી (સીવીલ) અને નાયબ આરોગ્ય અધિકારીશ્રીએ લિંબાયત ઝોનમાં આવેલ ગ્રેસ હોસ્પીટલ, ડૉ.અબ્બાસ ઈઝી, કલ્પ હોસ્પીટલ,ડૉ.પારિતોષ મહેતા, બ્રીજક્રોસ હોસ્પીટલના ડૉ.ધીરજ વી.હડીયા, રાજસ્થાન છાંયડો માવન સેવા ટ્રસ્ટ તથા ડો.જયાબેન અમીપરાની હોસ્પીટલની મુલાકાત લઈ સ્વાઈન ફલુની જરૂરીયાત પ્રમાણે ૧૦ % બેડ સ્વાઈન ફલુના દર્દી માટે અનામત રાખવામાં આવેલ છે કે કેમ ? તે અંગેની ચકાસણી કરેલ હતી તેમજ ઝોનની બાકી રહેલ કુલ–૨૧ હોસ્પીટલોના ડોકટરોને હેલ્થ સેન્ટરના મેડીકલ ઓફિસરો મારફતે ૧૦ % બેડ સ્વાઈન ફલુના દર્દી માટે અનામત રાખવા માટેની સુચના આપવામાં આવેલ છે. તેમજ આ અંગેનું જરૂરી રીર્પોટીંગ કરવા માટે ડોકટરોને સુચના આપવામાં આવી હતી.
- સુરત રીંગરોડ ટેક્ષટાઈલ્સ માર્કેટ વિસ્તારમાં નાની/મોટી કુલ–૫૩ માર્કેટના સંચાલકોને માર્કેટમાં આવતા વેપારી, ગ્રાહકોને પણ સ્વાઈન ફલુ અંગેની માહિતી મળી રહે તે માટે મુખ્ય પ્રવેશદાર પર બેનર લગાવવા તેમજ જે વ્યકિતને શરદી, ખાંસીની તકલીફ હોય તેને માસ્ક આપવા માટે માર્કેટના સંચાલકોને રૂબરૂ પત્ર પહોંચાડી આ અંગેની વ્યવસ્થા કરવા જણાવવામાં આવ્યું હતું.તેમજ જનજાગૃતિના બેનરો પણ પ્રસિધ્ધ કરવાની કાર્યવાહી કરવામાં આવેલ છે.
- ઝોનમાં આવેલ ન.પ્રા.શાળા કુલ–૫૪, તથા કુલ–૭૩ ખાનગી શાળાઓના આચાર્યશ્રીઓની ઝોન કક્ષાએ મિટીંગમાં રોગ અટકાયતી પગલાંઓ લેવા માર્ગદર્શન આપેલ છે. તેમજ શાળાના બાળકોને અને તેઓ મારફતે તેમના વાલીઓને નીચે મુજબની સુચના આપેલ છે.
  (૧) શરદી, ખાંસી, તાવના ચિન્હો ધરાવતા બાળકોએ શાળાએ ન જઈ ઘરે રહેવું.

  (૨) શરદી, ખાંસી, તાવના દર્દીઓને તાત્તકાલિક સ્મીમેર/ સીવીલ/ મસ્કતિ/ હેલ્થ સેન્ટર કે અન્ય હોસ્પીટલમાં સારવાર મેળવવી.

  (૩) આ લક્ષણો ધરાવનારે ૧૦ દિવસ સુધી સંપૂર્ણ આરામ કરવો. પોષ્ટીક ખોરાક લેવા, પુષ્કળ પ્રવાહી લેવું.

- ઝોનમાં આવેલ કુલ–૦૭ છુટક શાકભાજી માર્કેટો જેવી કે મદનપુરા, ઉમરવાડા ડી–ટેનામેન્ટ માન દરવાજા પાસે આવેલ, ડુંભાલ અને નવાગામ તથા રંગીલાનગર શાક–માર્કેટો ચેક કરી ખુલ્લા વેચાણ કરતા સુકા–લાલ મરચા તથા ગરમ મસાલાના વેચાણ કરતા વેપારી તકેદારીના રૂપે બંધ કરવામાં આવેલ છે.
- લિંબાયત ઝોન વિસ્તારના તમામ કોર્પોરેટરશ્રી, સામાજીક સંસ્થા/એન.જી.ઓ.ને તા.૨૧/૦૨/૨૦૧૫ ના રોજ સ્વાઈન ફલુ અંગેની માહિતી/જાણકારી આપી તકેદારીના પગલા ભરવાની સમજ આપેલ છે.
- લિંબાયત ઝોન વિસ્તારમાં આવેલ સિનેમા ગૃહ / વિડીયો થીયેટરો, (૧) સ્ટાર મલ્ટીપ્લેક્ષ સીનેમા, બીલીયાનગર–૪, (૨) શ્રી સ્ટાર વિડીયો થીયેટર, બીલીયારનગર–૨, (૩) પુનમ સીનેમા, બીલીયાનગર–૧, (૪) ત્રિવેણી લેસર સીનેમા, (૫) દર્શન ડીજીટલ ટોકીઝ, ઉમીયાનગર, (૬) મયુર સીનેમા,લિંબાયત, (૭) મમતા થીયેટર, પરવતને સ્વચ્છતાના ધોરણે તકેદારીના પગલા રૂપે બંધ કરાવવામાં આવેલ છે. ઝોનના તમામ કર્મચારીને સ્વાઈન ફલુ અંગેની સમજ અને તકેદારી પગલા બાબતે જાણકારી આપવામાં આવેલ હતી.
- ઝોનમાં આવેલ શાકભાજી/ફ્રુટ માર્કેટ જેવી કે એમ.જી.માર્કેટ, આઈ.ડી.હોસ્પીટલ, મ્યુ.શોપીંગ સેન્ટર, એ.પી.એમ.સી.માર્કેટ વિસ્તારમાં ઘનિષ્ઠ ઝુંબેશ હાથ ધરી વેપારીઓ તથા સંસ્થાના માલિકોને ડસ્ટબિન રાખવા તથા સફાઈ માટેની સુચના આપ્યા બાદ,ન્યુસન્સ કરતા કુલ–૨૨૫ ઈસમો પાસે કુલ રૂા.૪૮,૭૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો. ઝોનમાં આવેલ ટેક્ષટાઈલ્સ માર્કેટ જેવી કે હીરામોતી માર્કેટ, ટેક્ષટાઈલ્સ માર્કેટ, રેશમવાલા માર્કેટ, ગોળવાલા માર્કેટ, સાંઈ દર્શન માર્કેટ, સાગર માર્કેટ, અનુપમ માર્કેટ, તથા સાલાસર ગેટ થી મહાવીર માર્કેટ થઈ આંજણા ગરનાળા સુધી ઘનિષ્ઠ સાફ–સફાઈ ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી. આ ઝુંબેશ દરમ્યાન ૧૫.૯૨૦ મે.ટન. કચરાનો નિકાલ કરાવી સમગ્ર વિસ્તારમાં ૫૩૧૮ કિ.ગ્રા.ચુનાની ફાંક કુલ–૧૭૭૫ કિ.ગ્રા. મેલેથીયોન પાવડર, કુલ–૪.૬૦૦ મિ.લી.ડી.ડી.વી.પી. તથા ૨.૭૦૦ મિ.લી. એ.બી.એસ.દવાનો છંટકાવ કરાવી ન્યુસન્સ કરતા કુલ–૫૨ ઈસમો પાસે રૂા.૨૯,૧૦૦/– નો વહીવટી ચાર્જ પણ વસુલ કરવાની કાર્યવાહી કરેલ હતી. ૪૦ માઈક્રોનથી ઓછી જાડાઈ અને રીસાયકલેબલ ન થઈ શકે તેવું પ્લાસ્ટીકની ઝુંબેશ હાથ ધરી કુલ–૮૭ સંસ્થાઓને ચેક કરતા, કુલ–૩૧ ઈસમો આ પ્લાસ્ટીક/ઝભલાનો ઉપયોગ કરતા હોવાથી તેઓ પાસેથી કુલ–૧૩.૫૫૦ કિ.ગ્રા. પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરી રૂા.૬૧૦૦/– નો વહીવટી ચાર્જ વસુલ કરવામાં

આવ્યો હતું. ઝોન વિસ્તારમાં આવેલ ન.પ્રા.શાળા, ખાનગી સ્કુલ/કોલેજની ૧૦૦ મીટરની ત્રિજયામાં ગુજરાત તમાંકુ નિયંત્રણધારા અધિનિયમ–૨૦૦૩ હેઠળ તમાકું પ્રોડકટનું વેચાણ કરતા કુલ–૧૯ ઈસમો પાસે રૂા.૩૮૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો હતો.

ઉપરોકત કામગીરી દરમ્યાન કુલ–૩૨૭ ન્યુસન્સ કરતા ઈસમો પાસે રૂા.૮૭,૭૦૦/– (અંકે રૂપિયા સત્યાંશી હજાર સાતસો પુરા) નો વહીવટી ચાર્જ વસુલ કરી કુલ–૨૫ ઈસમોને નોટીસ પાઠવવામાં આવી હતી.

## અખબારી યાદી

સુરતઃ– હાલની સ્વાઈન ફલુના રોગચાળાની પ્રવર્તમાન પરિસ્થિતીને ધ્યાને લઈ રોગ અટકાયતના પગલાના ભાગરૂપે આજરોજ મા.કમિશ્નરશ્રીની મળેલ સુચના મુજબ લિંબાયત ઝોનમાં આવેલ કુલ–૨૫ ટેક્ષટાઈલ્સ માર્કેટના પ્રવેશદ્વાર પર સ્વાઈન ફલુની અંગેની જાણકારી આપતા બેનર લગાવવામાં આવેલ છે. તેમજ ટેક્ષટાઈલ્સ માર્કેટના સંચાલકોને પ્રવેશદ્વારા પર માર્કેટમાં દાખલ થતા તમામ વ્યકિતને સ્વાઈન ફલુ એંગની જાણકારી આપી શરદી,ખાંસી,તાવ, ગળામાં દુખાવો જણાય તો નજીકના આરોગ્ય કેન્દ્ર, સિવિલ હોસ્પિટલ, સ્મીમેર હોસ્પિટલનો સંપર્ક કરવા જણાવવા તેમજ માસ્ક આપવા સુચના આપવામાં આવેલ છે.

મે.કમિશ્નરશ્રીની સુચના અનુસાર લિંબાયત ઝોનના એડી.સીટી.ઈજનેર સાહેબશ્રીના સીધા માર્ગદર્શન હેઠળ સાઉથ ઈસ્ટ (લિંબાયત) ઝોનના નાયબ આરોગ્ય અધિકારીશ્રીએ આજરોજ તા.૨૪/૦૨/૨૦૧૫ ના રોજ આરોગ્ય વિભાગની કુલ–૧૧ (અગીયાર) ટીમો બનાવી હાલની પરિસ્થિતીને ધ્યાનમાં રાખી લિંબાયત ઝોનમાં આવેલ હોટલ / રેસ્ટોરન્ટ તથા લારી–ગલ્લાવાળા તેમજ અન્ય ખાદ્ય ચીજવસ્તુ વેચનારાઓનું સઘન ચેકીંગ હાથ ધરવામાં આવ્યું હતું. ચકાસણી દરમ્યાન કુલ–૩૪ હોટલ/રેસ્ટોરન્ટ, ૮૯ લારી/ગલ્લા ચેક કરવામાં આવ્યા હતા, આ કામગીરી દરમ્યાન ૩૫.૧૦૦ કિ.ગ્રા. ખુલ્લા રાખી/ કાપેલા રાખી વેચાણ કરતા અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ તથા આરોગ્યલક્ષી ક્ષતિઓને કારણે કુલ–૩૫ ઈસમોને નોટીસ / ચેતવણ આપી ન્યુસન્સ કરતા કુલ–૧૦૮ ઈસમો પાસે રૂા.૩૪,૩૫૦/– વહીવટી ચાર્જ વસુલ કરવા અંગેની સખત કાર્યવાહી કરવામાં આવેલ છે.

વધુમાં જણાવવાનું કે, ઝોનમાં આવેલ આરોગ્ય વિભાગની કચેરીના કાર્યક્ષેત્રમાં કુલ–૧૧ (અગીયાર) ટીમો બનાવી ઝોનના જુદા–જુદા વિસ્તારના મુખ્યમાર્ગો, સ્લમ વિસ્તારો તથા સોસાયટીમાં ઘનિષ્ઠ સાફ– સફાઈ ઝુંબેશ હાથ ઘરી કચરો/કચરા મિશ્રીત માટીના ઢગલા ઉપાડી કુલ–૨૬.૩૧૦ મે.ટન. કચરાનો નિકાલ કરાવ્યા બાદ મોટા જથ્થામાં ૧૨૨૩ કિ.ગ્રા. ચુનાની ફાંક, ૨૫૦ કિ.ગ્રા. મેલેથીયોન, ૦૩ લીટર ડી.ડી.વી.પી., ૨.૫૦૦ લીટર એ.બી.એસ. તથા ૦૭ કિ.ગ્રા. બેગોન બેટસ, જંતુનાશક દવા/પાવડરનો છંટકાવ કરાવવામાં આવેલ છે.

## ગેરકાયદેસર બાંધકામ દુર કરવા બાબત

સુરત મહાનગરપાલિકાના સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં સમાવિષ્ટ મંજુર ડ્રાફ્ટ ટી.પી.સ્કીમ નં. ૩૯(ઉધના–લિંબાયત)માં આવેલ ફા.પ્લોટ નં. ૩૭/સી ,ગોવિંદનગરમાં પ્લોટ નં. ૩૫૪ માં મિલ્કતદારો દ્વારા હયાત ગ્રા.ફલોર તથા પ્રથમમાળવાળી મિલ્કત પર બીજા માળનું ગેરકાયદેસર બાંધકામ કરવાનું કામ ચાલુ કરવામાં આવેલ. અત્રેના ઝોનના સ્ટાફ દ્વારા સદર બાંધકામને વારંવાર અટકાવવામાં આવ્યુ હતુ પરંતુ મિલ્કતદારો દ્વારા સુરત મહાનગરપાલિકાની ચેતવણીને અવગણીને બીજામાળનું સેન્ટરીંગ /શટરીંગનું કામ ચાલુ રાખતા આજરોજ તા.૨૪/૦૨/૧૫ ના રોજ અત્રેની ઝોન કચેરીના ડેપ્યુટી ઈજનેર, ટેકનીકલ સ્ટાફ,દબાણ સ્ટાફની મદદથી આશરે ૪૦૦ ચો. ફુટ જેટલુ બીજામાળના સેન્ટરીંગ /શટરીંગનું કામ દુર કરવામાં આવેલ છે. તથા મિલ્કતદાર પાસેથી રૂા. ૫,૦૦૦/– દંડ પેટે વસુલવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૩/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૪ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૯ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૨૫,૨૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૫ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૩૫૯ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૬૩ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૦૧ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૧ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા કતારગામ દરવાજાથી બાળાશ્રમ,કુબેરનગર,પારસ સોસા. સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વિગેરે વિસ્તારમાંથી કુલ ૩૦૮ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૫,૦૦,૯૬૬/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૨ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે અને સ્થળ ઉપર રૂા.૧,૨૩,૩૭૦/– ની વસુલાત કરી આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૮ એન્ટ્રીમાં રૂા.૬૧,૦૫૦/– અને આર.સી.ની. ૨૬ એન્ટ્રીમાં રૂા.૩,૨૯,૨૮૦/– મળી કુલ રૂા.૩,૯૦,૩૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૪ એન્ટ્રીમાં રૂા.૮૦/–, રીન્યુઅલની ૦૮ એન્ટ્રીમાં રૂા.૪૨૦/– અને દંડ ની રકમની ૦૪ એન્ટ્રીમાં રૂા.૯૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૫ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

ઈમ્પેકટ ફી પેટે ૩૦ ફાઈલના રૂા.૧૪,૪૮,૨૨૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા કોસાડ આવાસની રૂા.૧,૮૯,૫૭૪/– ની વસુલાત કરવામાં આવેલ છે. મિલ્કત ભાડાના રૂા. ૩,૭૭,૧૬૭/– દબાણ ચાર્જના રૂા.૮૮૦/– તેમજ વહીવટી ચાર્જ રૂા.૨૫૦/–મળી કુલ રૂા.૫,૬૭,૮૭૧/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૫ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં "સ્વાઈનફ્લુ" અટકાયત મિશન અને " મહાત્મા ગાંધી સ્વચ્છતા અભિયાન" અંગે નોર્થ ઝોન (કતારગામ) દ્વારા તા.૨૧/૦૨/૨૦૧૫ ના રોજ પ્રતિબંધિત પ્લાસ્ટીક જપ્ત કરવા અંગેની ઝુંબેશ દરમ્યાન ૯૦૧ સંસ્થાઓનું ચેકીંગ કરી ૧૦૬ ઈસમોને નોટીસ આપી અને ન્યૈસન્સકર્તા ૬૩૪ ઈસમો પાસે રૂા.૯૦,૪૧૦/– દંડ અને ૩૬ કીલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ છે. તા.૨૩/૦૨/૧૫ ના રોજ તંબાકુની બનાવટના વેચાણ તથા જાહેરમાં થુંકવા જેવા કૃત્ય કરનારને ૧૪૮ સંસ્થાઓને ચેક કરતાં ૮૪ તંબાકુ પ્રોડકટ કરતી સંસ્થાઓ પૈકી ન્યુસન્સકર્તા ૨૬ ઈસમો પાસેથી રૂા.૫૨૦૦/– દંડ પેટે વસુલ કરવામાં આવેલ છે." સ્વાઈનફ્લુ" અટકાવવાના આગોતરા આયોજનના ભાગરૂપે નોર્થ ઝોનમાં આવેલ ૨૬ વિડીયો થિયેટર ચેક કરી " સ્વાઈનફ્લુ" અટકાવવા માટે તકેદારી લેવા માટે સમજ આપી આ તમામ સંસ્થાઓને નોટીસ આપી રૂા. ૬,૦૦૦/– વહીવટી ચાર્જ પેટે વસુલ લેવામાં આવેલ છે. સર્વે દરમ્યાન નોર્થ ઝોન (કતારગામ) ની ૪૫ હોસ્પિટલોનો સંપર્ક કરી " સ્વાઈનફ્લુ" ના દર્દીઓ માટે આઈસોલેશન વોર્ડ અને બેડની વ્યવસ્થા કરાવવા માટે સમજ આપતાં પ્રાણનાથ હોસ્પિટલમાં ૧૫ બેડ, બંસરી હોસ્પિટલમાં ૦૫, રીધમ હોસ્પિટલ અને લાઈફ કેર મળી બંનેમાં બે – બે બેડ સહીત કુલ : ૨૪ બેડની આઈસોલેશન સહીતની સુવિધા અને સારવાર માટે વોર્ડ શરૂ કરવામાં આવેલ છે.

વધુમાં, સંકલિત ગૃપ સફાઈ કામગીરીને પારસ વોર્ડની આજુબાજુના વિસ્તારમાં સંકલિત ગૃપ સફાઈ દરમ્યાન ન્યુસન્સ કરતી ૮૨ સંસ્થાઓને નોટીસ આપી તે પૈકી ૬૮ ઈસમો પાસે રૂા.૭૪૦૦/– દંડ વસુલ લીધેલ તથા પ્રતિબંધિત પ્લાસ્ટીક ૧૫ કીલો અને અખાદ્ય પદાર્થ ૪૮ કીલો જપ્ત કરવામાં આવેલ. હોટલ, રેસ્ટોરન્ટ, ભોજનાલય અને ખાદ્ય પદાર્થ વેચતા લારી–ગલ્લા સહીત કુલ : ૧૫૨ સંસ્થાઓ પૈકી ૮૮ ઈસમોને નોટીસ આપી ૧૨૧ ઈસમો પાસે રૂા.૧૨,૧૦૦/– દંડ વસુલ લેવામાં આવેલ છે. તથા નોર્થ ઝોન (કતારગામ) માં આવેલી શાળાઓના પ્રતિનિધિઓ તથા મ્યુનિ. સભ્યશ્રીઓને " સ્વાઈનફ્લુ" અટકાવવા માટે તકેદારી રાખવાની વિગતો સહીતનું પ્રેઝન્ટેશન તથા સમજ આપવા માટે નોર્થ ઝોન (કતારગામ) માં રાખવામાં આવેલ. જેમાં મોટી સંખ્યામાં પ્રતિનિધીઓ હાજર રહી તેઓની સ્કુલોમાં બાળકો તથા વાલીઓને માહિતગાર કરવા સંકલ્પ કરી કાર્યક્રમ સફળ બનાવ્યો.

તા.૨૧/૦૨/૨૦૧૫ થી તા.૨૪/૦૨/૧૫ દરમ્યાન " સ્વાઈન ફ્લુ " અટકાવવા પગલા તથા " સ્વચ્છતા અભિયાન " દરમ્યાન ૧૩૦૯ સંસ્થાઓ ચેક કરવામાં આવી. જેમાં ૩૦૨ સંસ્થાઓને નોટીસ આપવામાં આવી., ૮૪૯ ઈસમ પાસેથી રૂા. ૧,૨૧,૧૦૦/– દંડ પેટે વસુલ લેવામાં આવેલ છે તેમજ ૫૧ કીલો પ્લાસ્ટીક જપ્ત કરવામાં આવેલ છે. અને ૪૮ કિલો અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

# નોર્થઝોન (કતારગામ) – પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા,સુરત

નોર્થઝોન (કતારગામ)ખાતેનાં આરોગ્ય વિભાગ ધ્વારા સ્વાઈન ફલુના રોગ સંબંધિત જાણકારી આપવા બાબતે એક સંવાદનું આયોજન નોર્થઝોન(કતારગામ) કચેરીના મીટીંગ હોલમાં તા–૨૪/૦૨/૨૦૧૫ના રોજ રાખવામાં આવેલ હતુ. જેમાં નોર્થઝોન(કતારગામ) વિસ્તારમાં આવેલ આરોગ્યના ચેરમેનશ્રી ડો.ફુલે, જાહેર બાંધકામ સમિતિના ચેરમેનશ્રી વિનુભાઈ મોરડીયા, મ્યુનિ. સભ્યશ્રીઓ, શાળાના આચાર્યશ્રીઓ, સોસાયટીના પ્રમુખશ્રીઓ / આગેવાન કાર્યકર્તાશ્રી, આસી.કમિશનરશ્રી, ઝોનલ ઓફિસરશ્રી, નાયબ આરોગ્ય અધિકારીશ્રી, ઈ.ચા.જંતુનાશક અધિકારીશ્રી ઉપસ્થિત હતા. સદર સ્વાઈન ફલુ અંગેની મીટીંગમાં સ્વાઈન ફલુના રોગ અંગે તેમજ તેના બચાવ તથા રોગનો ફેલાવો થતો અટકાવવા જેવી બાબતોની જાણકારી તેમજ જરૂરી માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. આ તમામ શાળા કોલેજની પ્રતિનિધિઓએ આ બાબતતે તેમના વિધાર્થી અને વાલીઓમાં પ્રસારવા સંકલ્પ કર્યો

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના ઈસ્ટ (વરાછા) ઝોનના આરોગ્ય વિભાગ ધ્વારા તા.૨૪/૦૨/૨૦૧૫ નાં રોજ સ્વાઈન ફ્લુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ—

(૧) ૯૨ કારખાનાઓમાં હેલ્થ એજયુકેશન કર્યુ તેમજ સ્વાઈન ફ્લુ અટકાયત માટે સમજ આપી.

(૨) ૫૬ શાળાઓમાં સ્વાઈન ફ્લુ અટકાયત માટે હેલ્થ એજયુકેશન (સમજ) આપી.

(૩) ૩૨ વીડીયો થીયેટરમાં સ્વાઈન ફ્લુ અટકાયત માટે સમજ આપી તથા માસ્કનો ઉપયોગ કરાવવા માટે જણાવવામાં આવેલ છે.

(૪) સુરત રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નંબર—૪ ખાતે હેલ્થ એજયુકેશન અને માસ્ક વિતરણની કામગીરી દરમ્યાન કુલ — ૩૫૦ લોકોને માસ્ક વિતરણ કરી તેઓને શરદી, ખાંસી સાથે તાવનાં લક્ષણો હોવાથી તેઓને નજીકનાં આરોગ્ય કેન્દ્ર ખાતે તપાસ કરાવવા સમજણ આપી.

(૫) ૧૦ એન.જી.ઓ. ધ્વારા આજ રોજ ૧૦ સ્થળોએ હેલ્થ એજયુકેશન કરી ૧૭૫૦ વ્યકિતઓને માસ્ક વિતરણ કરવામાં આવેલ છે.

(૬) ૧૪૭ ખાણીપીણીની લારીઓ/સંસ્થાઓ પર સઘન ચેકીંગ કરીને તે પૈકી ૩૧ સંસ્થાઓમાં ખામી જણાતા ૧૪,૫૦૦/— રૂા. વહીવટી ચાર્જ વસૂલ કરવામાં આવ્યો, તથા ૮૨.૭૫ કિ.ગ્રા. અખાદ્ય ખોરાકનો નાશ કરવામાં આવ્યો.

(૭) ઝોન વિસ્તારમાં ૫૬ ન્યુસન્સ સ્પોટ તથા ૧૧૨ કન્ટેઈનર સ્પોટની સફાઈ કરી ૫૯૩૪ કિ.ગ્રા. જંતુનાશક દવાનો છંટકાવ કરવામાં આવ્યો.

(૮) ડ્રેનેજ ઉભરાવવાની ફરીયાદો પૈકી ઘરવપરાશની લાઈનમાં ચોકીંગની મળેલ ૩૭ ફરીયાદોનું નિકાલ કરવામાં આવેલ છે. જયારે ડ્રેનેજ મેઈન લાઈન ઉભરાવવાની મળેલી ૨૧ ફરીયાદો પૈકી પરત્વે ટેકનીકલ વિભાગ સાથે સંકલન કરી ૧૪ ફરીયાદોનો બપોર સુધીમાં નિકાલ કરવામાં આવેલ છે. જયારે ૦૭ સ્થળોએ કામગીરી ચાલુ છે.તેમજ ૦૩ જગ્યાએ મુખ્ય કચેરી ડ્રેનેજ વિભાગનાં સંકલનમાં રહી ડીસીલ્ટીંગ કરાવવાની કામગીરી હાથ ધરવામાં આવેલ છે.

આ ઉપરાંત પીવાના પાણીનાં લીકેજ ૦૮ જગ્યાએ ધ્યાને આવેલ જેની રીપેરીંગ કરવાની કામગીરી પાણી વિભાગ તરફથી હાથ ધરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સેન્ટ્રલ ઝોન – સુરત મહાનગરપાલિકા

આજરોજ તા.૨૪/૦૨/૧૫ મંગળવારના રોજ મા.કમિશ્નરશ્રી ના હુકમ મુજબ ૧૮૪ ખાણીપીણીની લારીઓ તથા ૬૩ હોટલ/રેસ્ટોરન્ટ ચેક કરી રૂા.૩૫,૭૫૦/– નો વહીવટી ખર્ચ વસુલ કરી ૩૭.૮૫૦ કિ.ગ્રા. અખાદ્ય પદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

વધુમાં મા.કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના માર્ગદર્શન હેઠળ આજરોજ તા.૨૪/૦૨/૧૫ ના સેન્ટ્રલ ઝોન ખાતે સ્વાઈન ફલુ રોગ અટકાયતી નીચે મુજબના પગલાઓ ભરવામાં આવેલ છે/કામગીરીઓ કરવામાં આવેલ છે.

(૧) સેન્ટ્રલ ઝોનમાં આજરોજ તા.૨૪/૦૨/૧૫ મંગળવારના રોજ એન.જી.ઓ. સંસ્થાઓ ધ્વારા સ્વાઈન ફલુ સામે રક્ષણ આપતા ઉકાળા પીવડાવવાના કેન્દ્રો શરૂ કરેલા છે.

- સકલ દિગંબર જૈન સમાજ– ફુલવાડી, નવાપુરા કરવા રોડ, સુરત
- તુલસી કલીનીક – ૬/૧૩૦૩ ભુતશેરીના નાકે, જલારામ ખમણની બાજુમાં, સુરત
- ગોધાળ પથમેડા સંસ્થા– રીંગરોડ ટેક્ષટાઈલ માર્કેટ(ચછત માર્કેટ)
- સઘન ગુજરાત હોટલ એન્ડ રેસ્ટોરન્ટ એસોસીએશન– રૂપા રેસ્ટોરન્ટ, સ્ટેશન, સુરત
- પ્રાજ ગેસ્ટ હાઉસ એન્ડ ડોરમેટરી– રેલ્વે સ્ટેશન, ટાઈમ જકાત નાકાની ઓફિસ, સુરત
- એન.ટી.એમ. ટેક્ષટાઈલ માર્કેટ– તલાવડી મહોલ્લો, રીંગરોડ, સુરત

(૨) રેલ્વે સ્ટેશન તેમજ એસ.ટી. ડેપો ખાતે શરદી, ખાંસી, તાવવાળા દર્દીઓ માટે સ્ક્રીનીંગ સેન્ટર ચાલુ કરી, માહિતી કેન્દ્ર પરથી માસ્ક ડીસ્ટ્રીબ્યુશન શરૂ કરવામાં આવેલ છે.

(૩) ગઈકાલની સુચના આપ્યા બાદ સેન્ટ્રલ ઝોનના ૦૭ થીયેટર/વિડીયો થીયેટરમાં સ્વાઈન ફલુ બાબતના બોર્ડ લગાવી શરદી, ખાંસી, તાવના દર્દીઓને થીયેટરમાં જતા અટકાવી મોંઢે માસ્ક લગાડવા બાબતના સ્કીનીંગ સેન્ટર/માસ્ક ડીસ્ટ્રીબ્યુશન સેન્ટર ચાલુ કરેલા છે. જે ચેક કરવામાં આવેલ છે.

(૪) આજરોજ વધુ ૬૪ ટેક્ષટાઈલ માર્કેટોમાં આકારણી સ્ટાફ ધ્વારા આરોગ્યલક્ષી નીચે જણાવેલ સુચનાઓ આપવામાં આવી.

- શરદી, ખાંસી, તાવના ચિહનો ધરાવતા શહેરીજનોએ ધંધા, નોકરી, રોજગારે જવુ નહિ તેમજ ઘરે રહેવુ. ઘરે અન્ય સભ્યોને મળવુ નહિ તેમજ ચિહનો ધરાવનારે મોંઢે માસ્ક પહેરીને જ રહેવું.
- શરદી, ખાંસી, તાવના દર્દીઓએ તાત્કાલિક સીવીલ/સ્મીમેર/મસ્કતિ/હેલ્થ સેન્ટર કે અન્ય હોસ્પિટલોમાંથી સારવાર મેળવવી.
- લક્ષણો ધરાવનારે ૧૦ દિવસ સુધી સંપુર્ણ આરામ કરવો. પોષ્ટિક ખોરાક લેવા, પુષ્કળ પ્રવાહી લેવું.

(૫) સેન્ટ્રલ ઝોનના મ્યુ.સભ્યશ્રીઓ તેમજ એન.જી.ઓ. સંસ્થાઓની મીટીંગ બોલાવી આજરોજ રોગ અટકાયતી પગલાઓ લેવા માર્ગદર્શન આપેલ છે તેમજ રોગ અટકાયતી આર્યુવેદીક ઉકાળા તેમજ માસ્ક ડિસ્ટ્રીબ્યુશનમાં સહકાર આપવા જણાવેલ છે. જેમાં નીચે મુજબની સુચનાઓ પણ આપેલ છે.

- શરદી, ખાંસી, તાવના ચિહનો ધરાવતા ઈસમોએ નોકરી–ધંધાના સ્થળે ન જઈ ઘરે રહેવુ. ઘરે અન્ય સભ્યોને મળવુ નહિ તેમજ ચિહનો ધરાવનારે મોંઢે માસ્ક પહેરીને જ રહેવું.
- શરદી, ખાંસી, તાવના દર્દીઓએ તાત્કાલિક સીવીલ/સ્મીમેર/મસ્કતિ/હેલ્થ સેન્ટર કે અન્ય હોસ્પિટલોમાંથી સારવાર મેળવવી.
- લક્ષણો ધરાવનારે ૧૦ દિવસ સુધી સંપુર્ણ આરામ કરવો. પોષ્ટિક ખોરાક લેવા, પુષ્કળ પ્રવાહી લેવું.

:: પ્રેસનોટ ::

''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન T-20 ડે–નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ–૨૦૧૫''માં
સુરત મહાનગરપાલિકા મેયર્સ ટીમ અને કમિશનર ટીમનો ભવ્ય વિજય સાથે સેમીફાઈનલમાં પ્રવેશ

ગુજરાત રાજયની તમામ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમો અને કમિશનરશ્રીની ટીમો વચ્ચેની અલગ અલગ ક્રિકેટ ટુર્નામેન્ટોનું પ્રતિ વર્ષ રોટેશન મુજબ આયોજન કરવામાં આવે છે. આ વર્ષે વડોદરા મહાનગર સેવા સદન દ્વારા તા.૨૨/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ દરમ્યાન મોતીબાગ પેલેસ ગ્રાઉન્ડ, વડોદરા ખાતે ગુજરાત રાજયની આઠ મહાનગર સેવા સદનની મા.મેયરશ્રીની અને મા.કમિશનરશ્રીની ટીમો વચ્ચે ''ઓલ ગુજરાત ઈન્ટર કોર્પોરેશન તઢ×ડ ડે–નાઈટ ઈન્વીટેશન ક્રિકેટ ટુર્નામેન્ટ''નું આયોજન થઈ રહ્યું છે. આ ક્રિકેટ ટુર્નામેન્ટનો શુભારંભ તા.૨૨/૦૨/૨૦૧૫ને રવિવારે સાંજે ૪.૦૦ કલાકે મોતીબાગ પેલેસ ગ્રાઉન્ડ, વડોદરા યોજાયો હતો. વડોદરા ખાતે આયોજીત આ ક્રિકેટ ટુર્નામેન્ટમાં તા.૨૩/૦૨/૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ગત વર્ષની ચેમ્પીયન સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ અને જુનાગઢ કમિશનરશ્રીની ટીમ વચ્ચે યોજાઈ હતી. સુરત મહાનગરપાલિકાની કમિશનર ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ બેટીંગ પસંદ કરી નિર્ધારિત ૨૦ ઓવરમાં ૯ વિકેટના ભોગે ૧૬૦ રનનો જંગી જુમલો કર્યો હતો. જેમાં નરેશ પરમારના ૨૨ બોલમાં ૩૦ રન અને જીતેન્દ્ર પરમારના ૩૫ બોલમાં ૪૯ રન મુખ્ય હતા. જુનાગઢ કમિશનર ઈલેવન ટીમના લલીત પતાડીયાએ ૪ ઓવરમાં ૨૦ રન આપી ૩ વિકેટ અને વિનુ ચાવડા અને પ્રશાંત દેસાઈએ ૨–૨ વિકેટ ઝડપી હતી. સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમએ આપેલા લક્ષ્યાંકને પુરો કરવા મેદાને પડેલી જુનાગઢ કમિશનર ટીમ નરેન્દ્ર ધુવાના ૫૦ રન, પરેશ ઝાલાના ૨૭ રન અને અજય રાણાના ૨૬ રન સાથે ૧૯.૨ ઓવરમાં ૮૫ રનમાં જ પેવેલિયનભેગી થઈ જતાં સુરત મહાનગરપાલિકા કમિશનર ઈલેવન ટીમે ૭૫ રને વિજય અંકે કરી સેમી ફાઈનલમાં પ્રવેશ કર્યો હતો. સુરત મહાનગરપાલિકા કમિશનર ટીમ વતી યોગેશ ઝેડ.પટેલએ ૪ વિકેટ, જગદીશ સેલરએ ૩ વિકેટ અને કિરીટ સુરતીએ ૨ વિકેટ ખેરવી હતી. મેન ઓ ધી મેચ યોગેશ ઝેડ.પટેલ અને જિતેન્દ્ર પરમારને જાહેર કરવામાં આવ્યા હતા.

તા.૨૩/૦૨/૨૦૧૫ના રોજ ક્રિકેટ ટુર્નામેન્ટની બીજી મેચ રાત્રે ૮.૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમ અને જુનાગઢ મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમ વચ્ચે રમાઈ હતી. જુનાગઢ મેયર્સ ઈલેવન ટીમે ટોસ જીતી પ્રથમ દાવ લઈ મેદાને ઉતરતાં ૧૮.૩ ઓવરમાં ૧૦ વિકેટ ગુમાવી શ્રી પુંજીભાઈ શર્માના ૨૨ અને શ્રી સંજયભાઈ કોરડિયાના ૧૫ રન સાથે કુલ ૬૮ રનનો સ્કોર કર્યો હતો. સુરત મહાનગરપાલિકાની મેયર્સ ટીમએ ૫.૫ ઓવરમાં ૧ વિકેટે ૬૯ રન કરી ભવ્ય જીત હાંસલ કરી સેમી ફાઈનલમાં શાનદાર પ્રવેશ મેળવ્યો હતો. સુરત મહાનગરપાલિકા મેયર્સ ટીમના શ્રી યશોધરભાઈ દેસાઈ ૧૭ બોલમાં ૪ ચોગ્ગા સાથે ૨૩ રન અને શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડ ૧૨ બોલમાં ૪ બાઉન્ડ્રી સાથે ૨૩ રન કરી નોટઆઉટ રહી જીત મેળવી હતી. જુનાગઢ મેયર્સ ટીમ વતી શ્રી નિખીલ ધવાણીને ૧ વિકેટ લેવામાં સફળતા મળી હતી. મેન ઓ ધી મેચ શ્રી ભુપેન્દ્રભાઈ રાઠોડને જાહેર કરવામાં આવ્યા હતા. સુરત શહેરના માન.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરાએ વડોદરા ખાતે ક્રિકેટ ટુર્નામેન્ટમાં ઉપસ્થિત રહી ખેલાડીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

હવે પછીની સુરત મહાનગરપાલિકાની કમિશનરશ્રીની ટીમ તા.૨૭/૦૨/૨૦૧૫ના રોજ સાંજે ૪.૦૦ કલાકે ક્રિકેટ ટુર્નામેન્ટની તા.૨૫/૦૨/૨૦૧૫ના રોજની વિજેતા કમિશનર ટીમ સામે સેમી ફાઈલન મેચ રમશે. જયારે સુરત મહાનગરપાલિકાની મેયરશ્રીની ટીમ પણ તા.૨૭/૦૨/૨૦૧૫ના રોજ રાત્રે ૮.૦૦ કલાકે ક્રિકેટ ટુર્નામેન્ટની તા.૨૫/૦૨/૨૦૧૫ના રોજની વિજેતા મેયર્સ ટીમ સામે સેમીફાઈનલ મેચ રમશે. મા.મેયરશ્રી નિરંજનભાઈ ઝાંઝમેરા અને મ્યુનિ.કમિશનરશ્રી મિલિન્દ તોરવણેએ પ્રથમ મેચમાં વિજય હાંસલ કરી સેમી ફાઈનલમાં પ્રવેશ મેળવ્યા બદલ અભિનંદન સાથે હવે પછીની મેચમાં બંને ટીમોની સફળતા માટે શુભેચ્છા પાઠવેલ છે.

# પ્રેસનોટ– ગેરકાયદેસર બાંધકામ દૂર કર્યાની વિગત :–

સેન્ટ્રલ ઝોનના ઝોનલ ચીફ /સીટી ઈજનેરશ્રી તથા કાર્યપાલક ઈજનેરશ્રી ની સીધી સુચના અને માર્ગદર્શન હેઠળ સેન્ટ્રલ ઝોન વિસ્તારમાં સમાવિષ્ટ વોર્ડ નં.૦૨, નોંધ નં.૨૧૪૫, રૂદરપુરા, વ્હોરા વાડ, સુરત વાળી મિલ્કતમાં અત્રેથી તા.૧૭/૦૪/૧૪ થી વિકાસ પરવાનગી આપવામાં આવેલ, જે અન્વયે મિલ્કતના હિત ધરાવનારાઓ તરફથી મંજુર પ્લાન વિરુધ્ધ છટ્ઠા માળમાં આશરે ૬૦૦ ચો.ફુટ માપ વિસ્તારમાં કરવામાં આવેલ આર.સી.સી. સ્લેબ, ચણતર સહિતનું ગેરકાયદેસર બાંધકામ અત્રેથી તા.૨૪/૦૨/૧૫ ના રોજ તોડી દૂર કરવામાં આવેલ છે

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૨૪.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૫૯ ફાઈલના રૂા.૩૨.૯૨ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૫ લોકેશન(ખાડા)૨૨૫.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૧૪.૭૮૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૪૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન  ૩૧૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે. , તથા પાણીના નવા કનેકશન કુલ ૦૮ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૬૮૨૬/– વસુલ લેવામાં આવેલ,આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૦૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૧૦૧ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૨.૧૩ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક  રૂા.૩.૮૧ લાખ થયેલ છે.,૧૨  ભહ તથા ૦૭  ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૮૭૯/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૯૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૫૦ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૩ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૨ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૧૦૧ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૭.૪૮ મે.ટન  છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૩૮ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૯૫૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૧૫૭ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૭૬૦૭ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૨૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૬૨૫ કરવામાં આવેલ છે. જયારે ૧૩ નોટીસ આપવામાં આવેલ  છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકા દ્વારા સાત ઝોન વિસ્તારની ડોર ટુ ડોર ગાર્બેજ કલેકશનની કામગીરી અલગ–અલગ સાત એજન્સીઓને સોંપવામાં આવેલ છે. મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અને "સ્વચ્છ ભારત અભિયાન" અંતગર્ત શહેરની સ્વચ્છતા–સફાઈની ગુણવત્તા હજી વધારે સુધારી શકાય તે માટે સવારની શીફ્ટ દરમ્યાન શહેરનાં રહેણાંક વિસ્તારોમાં, જયારે સાંજના સમયે કોમર્શીયલ વિસ્તારોમાં કરાવવામાં આવતી ડોર ટુ ડોર ગાર્બેજ કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે હેતુસર વિવિધ એજન્સીઓ દ્વારા તા.૧૬/૦૨/૨૦૧૫ થી તા.૨૨/૦૨/૨૦૧૫ દરમિયાન કરવામાં આવેલ આ કામગીરીનું ઘનિષ્ઠ ચેકીંગ મહાનગરપાલિકા દ્વારા હાથ ધરવામાં આવેલ. જે દરમ્યાન આ કામગીરીમાં આચરવામાં આવેલ વિવિધ અનિયમિતતા જેવી કે, (૧) જે–તે રૂટના તમામ રહેણાંક અને કોમર્શીયલ યુનિટો કવર કરવામાં આવેલ ન હોઈ, (૨) જે–તે રૂટની કામગીરી નિર્ધારિત સમયે શરૂ કરવામાં આવેલ ન હોઈ, (૩) બ્રેક–ડાઉન થયેલ વાહનના બદલામાં અન્ય વાહન નિયત સમયમાં ફાળવેલ ન હોઈ, (૪) વાહન દીઠ ૦૨ સ્વચ્છતા મિત્રો ફાળવેલ ન હોઈ, (૫) નિયત રૂટને બદલે અન્ય રૂટ પરથી ગાર્બેજનું એકત્રિકરણ કરવામાં આવતું હોઈ અથવા ગાર્બેજ સિવાયનું અન્ય મટીરીયલ્સ એકત્રિત કરવામાં આવતું હોઈ, (૬) કચરો અલગ કરી, કોળથા/બેગ/થેલામાં એકત્રિત કરી, કોળથા/બેગ/થેલા વાહન ઉપર લટકાવવામાં આવેલ હોઈ, (૭) કામગીરીમાં રોકાયેલ એજન્સી તમામ કર્મચારીઓ દ્વારા યુનીફોર્મ કે સેફટીના સાધનો (માસ્ક, ગમબુટ, ગ્લોઝ વિ.) પહેરલ ન હોઈ અથવા આઈ કાર્ડ રાખવામાં આવેલ ન હોઈ, તથા (૮) નિયત કરેલ સુપરવાઈઝરો ફાળવવામાં આવેલ ન હોઈ વિગેરે અનિયમિતતા બદલ સેન્ટ્રલઝોન – રૂા.૧૦,૦૫૦/–, વેસ્ટઝોન – રૂા.૧,૬૫૦/–, સાઉથઝોન – રૂા.૧૨,૪૭૦/–, સાઉથ–ઈસ્ટઝોન – રૂા.૧૨,૧૫૦/–, સાઉથ–વેસ્ટઝોન – રૂા.૪,૯૦૦/–, નોર્થઝોન – રૂા.૩,૨૦૦/– અને ઈસ્ટઝોન – રૂા.૨૦,૨૦૦/– મળી તમામ ઝોનની જુદી–જુદી એજન્સીઓ પાસેથી કુલ રૂા.૬૪,૬૨૦/– પેનલ્ટી વસુલવામાં આવેલ છે. કામગીરી વધુ ઘનિષ્ઠ બનાવી શકાય તે માટે, દૈનિક કામગીરીમાં ઈજારદાર દ્વારા રોકવામાં આવતા વાહનો તથા સ્વચ્છતા મિત્રોની સંખ્યાની નોંધણી જે–તે વોર્ડ ઓફિસો પર કરાવી, તેની માહિતી વાયરલેસ મારફતે ઝોન કંટ્રોલમાં રોજે–રોજ આપવામાં આવે છે, તેમજ તે અંગેનું મોનીટરીંગ નિયમિતપણે સંબંધિત ઝોનના નાયબ આરોગ્ય અધિકારી દ્વારા કરવામાં આવે છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૪/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરમાં આવેલ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારીઓ વેચાતા ખાદ્ય પદાર્થની તથા કામગીરી સાથે સંકળાયેલ કર્મચારીઓના વ્યકિતગત જથ્ન્ય્મ્ઘ્ભ ની ચકાસણી તેમજ સાફ–સફાઈની કામગીરી.

આ અભિયાન દરમ્યાન ખાદ્ય પદાર્થોનું વેચાણ કરતી કુલ ૧૧૭૫ હોટલો, ભોજનાલયો, રેસ્ટોરન્ટ, મેશ, ખાણી–પીણીની લારી વિગેરે સંસ્થાઓ ચેક કરવામાં આવેલ છે તથા વિવિધ ખામી / ઉણપો બદલ કુલ–૪૧૪ નોટીસ પાઠવી, રૂા.૧,૭૬,૨૫૦/– વહીવટી ચાર્જ વસુલવામાં આવેલ છે. વધુમાં, આ અભિયાન દરમ્યાન કુલ ૨૩૫.૭૦૦ કિ.ગ્રા. ખાદ્યપદાર્થનો નાશ કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) – સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૪/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૮૩ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૭૭ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૧૪,૫૫૦/– વસુલ લેવામાં આવેલ છે. ૩૯ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૧૮૨૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૯૫ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૦૫ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ,વસ્તાદેવડી રોડ,વિ., કતારગામ દરવાજાથી બાળાશ્રમ,કુબેરનગર,પારસ સોસા.વિ., સિંગણપોર, વેડરોડ પંડોળ ઈન્ડ., વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર વિગેરે લક્ષ્મીકાંત આશ્રમ રોડ,ગજેરા રોડની સોસા.વિ.,ઉત્રાણ વિગેરે વિસ્તારમાંથી કુલ ૩૪૭ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૧૫,૯૩,૬૭૪/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૩ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૫૪ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૨૯ એન્ટ્રીમાં રૂા.૧,૪૨,૦૩૦/– અને આર.સી.ની. ૨૫ એન્ટ્રીમાં રૂા.૧,૨૯,૮૦૦/– મળી કુલ રૂા.૨,૭૧,૮૩૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૮ એન્ટ્રીમાં રૂા.૨૦૦/–, રીન્યુઅલની ૧૯ એન્ટ્રીમાં રૂા.૧,૦૮૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૧,૦૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૦૮ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૩ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૨ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી. નવા પાણી કનેકશન સંદર્ભે રૂા.૨,૧૦૦/– ચાર્જ વસુલ લીધેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૩૪ ફાઈલના રૂા.૨૯,૫૦,૬૫૨/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા ભધક આવાસ ચીકુવાડીની વસુલાત રૂા. ૫,૦૦૦/– મિલ્કત ભાડાના રૂા. ૩૫,૭૨૨/– મંડપ ચાર્જના રૂા. ૬,૦૫૬/– તેમજ દબાણ ચાર્જના રૂા.૧૦,૯૭૦/–મળી કુલ રૂા.૫૭,૭૪૮/– ની વસુલાત કરવામાં આવેલ છે. કોસાડ આવાસનાં રૂા.૨,૫૫,૨૯૫/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૨૩ લારી જપ્ત કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ સ્વાઈન ફ્લુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ–

(૧) શાળાઓમાં જનજાગૃતિ અભિયાન રૂપે બેનર્સ/સ્ટીકર્સ લગાડેલ છે. તેમજ તમામ પાર્ટીપ્લોટ, મેરેજ હોલ ખાતે પણ પેમ્પલેટ વિતરણ અને બેનર લગાવવામાં આવેલ છે.

(૨) આદર્શ ભવન ખાતે ભાગવત સપ્તાહમાં ૨૦૦ માસ્કઆપવામાં આવેલ છે.

(૩) નર્મદ લબયબ્રેરી ખાતે મુલાકાતીઓ / રીડર્સ રૂમ ના મુલાકાતીઓ માટે માસ્ક વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૪) નગર પ્રાથમીક શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓને ઉકાળો પીવડાવવામાં આવેલ છે.

(૫) અમી ચેરીટેબલ ટ્રસ્ટે આગામી દિવસોમાં ઉકાળો બનાવી વિતરણ કરવામાં રસ દાખવેલ છે.

## પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૨૫.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૧૦૩ ફાઈલના રૂા.૧૩.૯૩ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૧૦ લોકેશન(ખાડા)૩૦૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૨૫.૮૯૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૬ લોકેશન(ખાડા) ૧૫૦.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૧૦ લોકેશન ૩૧૦૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., રોડ પૈકીના દબાણ હેઠળ કુલ :૪૪ લારી ગલ્લા ઉપાડવામાં આવેલ, તથા ટી.પી.૫૯(ઉન)બી.આર.ટી.એસ.રૂટ ૫ર ના ઓટલા ૭૦.૦ ચો.મી. માપ વિસ્તારમાં નડતરરૂપ ઓટલા દૂર કરવામાં આવેલ તથા પાણીના નવા કનેકશન કુલ ૧૩૯ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૧૪,૫૭૯/– વસુલ લેવામાં આવેલ,આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૪ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૪૪૯ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૫.૦૦ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૩.૧૦ લાખ થયેલ છે.,૦૯ ભહ તથા ૧૩ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૨૮૬૪/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૩૬૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૬૮ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૧૮ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૯ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૮ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૬૭.૪૪ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૪૩ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૨૨,૯૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૮૦૬ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૯૫૮૬ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૭૮૫ કરવામાં આવેલ છે. જયારે ૧૪ નોટીસ આપવામાં આવેલ છે.

## પ્રેસ નોટ

**સાઉથ ઈસ્ટ ઝોન(લિંબાયત)માં  આક્રમક બનતી વેરા વસુલાત  ઝુંબેશ**

**એક વીકમાં  એક કરોડ થી વધુની વેરા વસુલાત**

સાઉથ ઈસ્ટ ઝોન (લિંબાયત) દ્વારા વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવામાં આવેલ છે.વેરા ભરપાઈ કરવામાં વિલંબ કરતા કરદાતાઓ સામે આકરા પગલા  લેવામાં આવી રહયા છે.

વેરા વસુલાતની ઝુંબેશના ભાગરૂપે તા.૧૮/૦૨/૧૫ થી ૨૪/૦૨/૧૫ ના રોજ લિંબાયત સ્લમ વિસ્તારના વોર્ડ નં.૩૪એબીમાં ઈન્ડસ્ટ્રીયલ વિસ્તાર તથા રીંગ રોડ સ્થિત ટેક્ષ. માર્કેટ  વિસ્તારમાં  સઘન વેરા વસુલાત અભિયાન હાથ ધરવામાં આવેલ હતું. જેમાં લિંબાયત ઝોનના એડી. સીટી.ઈજનેરશ્રી જે.કે. શાહ ના માર્ગદર્શન હેઠળ  આસી. કમિશ્નરશ્રી શ્રીમતી ગાયત્રી આર.જરીવાલા તથા આકારણી વિભાગના સ્ટાફે વેરા વસુલાત ઝુંબેશ વધુ આક્રમક બનાવી કુલ રૂા.૧,૦૭,૪૩,૭૯૦/– ની વસુલાત લેવામાં આવી.જેમાં મિલ્કત વેરો બાકી હોય તેવા બાકીદારો પર કડકાઈથી ઉઘરાણી કરતા બાકીદારોએ સ્થળ પર વેરા ચુકવી દીધા હતા.

વેરા વસુલાત વધુ ઘનિષ્ઠ બનાવવા માટે હવેથી બાકીદારો સામે નિયમ અનુસારની તમામ કાર્યવાહી પૂર્ણ કરી,અત્રેના ઝોન વિસ્તારની કુલ ૩૫ મિલ્કતોને સિલ મારવામાં આવેલ છે. જો બાકી વેરા ભરવામાં સહકાર આપવામાં  ન આવશે તો નળ કનેકશન કાપવાની તથા મિલ્કતોને સીલ મારવાની  કામગીરી પણ આગળ ધપાવવામાં આવનાર છે વધુમાં રૂા.૫૦,૦૦૦થી વધુની બાકી રકમના કરદાતાઓની મિલકતોનું લીલામથી વેચાણ કરવા જાહેર નોટીસ આપવામાં આવેલ છે. આથી તમામ બાકી કરદાતાઓને તાત્કાલિક વેરો ભરી પોતાની મિલકતોનું લીલામથી વેચાણ અટકાવવા તેમજ સુરત શહેરના વિકાસમાં સહભાગી થવા જાણ કરવામાં આવે છે.

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની  સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, ''સ્વચ્છ ભારત અભિયાન'' અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૫/૦૨/૨૦૧૫ શહેરમાં આવેલ પે એન્ડ યુઝ ટોયલેટ તથા જાહેર જાજરૂ / પેશાબદાની અને તમામ પ્રકારના જાજરૂની સ્વચ્છતા અને મેઈન્ટેનન્સ / રીપેરીંગના ચેકીંગની તથા સાફ–સફાઈની કામગીરી કરાવવામાં આવેલ.

આ અભિયાન દરમ્યાન શહેરના સાત ઝોનનાં જુદા જુદા વિસ્તારોમાં આવેલ ૧૬૯ પે એન્ડ યુઝ ટોયલટ, યુરીનલ બ્લોક તથા ૧૦ જાહેર જાજરૂ / પેશાબદાની ની સ્વચ્છતા સંબંધિત કામગીરી ચેક કરી એજન્સીના સ્ટાફ મારફત ટોયલેટ યુરીનલ બ્લોકની સ્વચ્છતા અંગેની તળીયા ઝાટક સાફ–સફાઈ કામગીરી સંબંધિત ઝોન / વોર્ડ ઓફિસના આરોગ્ય નિરીક્ષક / મદદનીશ આરોગ્ય નિરીક્ષકની સીધી દેખરેખ હેઠળ કરવામાં આવેલ છે. આ અભિયાન દરમ્યાન પે એન્ડ યુઝ, ટોયલેટ બ્લોકમાં ઉણપ / ખામી જણાયેલ સંસ્થાઓના વહીવટીકર્તાઓને કુલ ૩૪ નોટીસ આપવામાં આવેલ છે. સ્વચ્છતા વિરુધ્ધી પ્રવૃત્તિ આચરવા બદલ કુલ રૂા.૯૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવેલ છે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG તથા EWS સ્કીમના જે અરજદારોની કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માં આવાસ મેળવવા સફળ થયેલ અને પ્રથમ તથા બીજા હપ્તો સમયસર ભરેલ છે.તેવા લાભાર્થીઓ માટે આગળની લોન અંગેની કાર્યવાહી માટે સુરત મહાનગરપાલિકાએ વિવિધ બેંકો સાથે તા.૨૫/૦૨/૨૦૧૫ ના રોજ એક બેંકર્સ મિટીંગનું આયોજન કરેલ સદરહુ મીટીંગમાં કુલ–૯ બેંકોના પ્રતિનિધિઓ હાજર રહેલ અનેીયન તથા ભધક સ્કીમના લાભાર્થીઓને સરળતાથી લોન મળી રહે તે અંગેની ચર્ચા કરવામાં આવેલ જે સંદર્ભમાં બેંકના પ્રતિનિધિઓએ અભિગમ દાખવેલ છે.

વધુમાં જે બેંક મા.મુખ્યમંત્રી ગૃહ યોજના અંતર્ગત લાભાર્થીઓને લોન આપવા સંમતિ દર્શાવેલ તેવી બેંકની તમામ માહિતી સાથેની યાદી આગામી સમયમાં દૈનિક વર્તમાનપત્રોમાં જાહેરાત/પ્રેસનોટ થકી જાણ કરવામાં આવશે.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG તથા EWS સ્કીમના જે અરજદારોની અરજીઓ વેલીડ હતી પરંતુ અગાઉનાં વિવિધ તબકકે યોજાયેલ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માં આવાસની ફાળવણી થયેલ ન હતી, તેવા અરજદારો આગામી ડ્રો માં ભાગ લેવા માટે રૂબરૂ હાજર રહી લેખિતમાં સંમતિ આપી ગયેલ. સદરહુ અરજદારોને આવાસ ફાળવવા અંગેનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તા.૨૭/૦૨/૨૦૧૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની નવી એનેક્ષી બિલ્ડીંગના સ્થાયી સમિતી ખંડ ખાતે યોજવામાં આવનાર છે, જેમાં સંબંધિત અરજદારો ઉકત તારીખ, સમય અને સ્થળે હાજર રહી શકશે.**

# પ્રેસનોટ

આજદીન સુધીમાં કુલ ૪૧૯ પોઝીટીવ સ્વાઈન ફ્લુનાં દર્દીઓ પૈકી ૨૮૪ દર્દીઓને રજા આપવામાં આવી છે તેમજ આજ રોજ ૩૦ દર્દીઓને હોસ્પીટલમાંથી રજા આપવામાં આવી છે.

સ્વાઈન ફ્લુની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી, મ્યુ. કમિશનરશ્રીની સુચના મુજબ શહેરની ૭૦ મોટી હોસ્પીટલોમા, ૫૨ થીયેટરોમાં, ૯૩ કોમર્શીયલ સંસ્થાઓમાં, ૨૫૭ શાળાઓમાં, ૧૭ મોલ અને ૦૩ સીવીલ સેન્ટરોમાં પોસ્ટરો તથા પ્રચાર પત્રિકાઓનું વિતરણ કરવામાં આવ્યુ છે. સુરત શહેરની નગર પ્રાથમિક શિક્ષણ સમિતિની કુલ – ૩૩૭ શાળાઓનાં ૧,૫૪, ૨૬૧ જેટલા બાળકોને ઝોન લેવલે ઉકાળો આપવાનું આયોજન કરેલ છે.

આ ઉપરાંત વધુ પ્રચાર અને પ્રસાર તેમજ જનજાગૃતિ માટે શહેરનાં ૨૩ જેટલા થીયેટરો / સીનેમાગૃહોમાં ઈન્ટરવલ દરમ્યાન ઓડીયો કલીપ સંભળાવવામાં આવી તેમજ રોગનો ફેલાવો અટકાવવા માટે રેલ્વે સ્ટેશન તથા બસ સ્ટેન્ડ પર અંદાજે ૨૦૦૦ માસ્કનું વિતરણ કરવામાં આવ્યુ.

વીર નર્મદ યુનિવર્સિટી પર થનારી પદવીદાન સમારોહમાં સ્ક્રીનીંગ માટે મેડીકલ ટીમ તથા જેઓને શરદી, ખાંસી જેવા ચિહનો જણાશે તેને માસ્કની સુવિધા ઉપલબ્ધ કરવામાં આવશે.

# પ્રેસનોટ

સુરત મહાનગરપાલિકાના સા.વે.(અઠવા) ઝોનના આરોગ્ય વિભાગ સ્વાઈન ફ્લુ અટકાયત તેમજ જનજાગૃતિ અભિયાન સંદર્ભે કરવામાં આવેલ કામગીરીની અખબારી યાદીઃ—

(૧) શાળાઓમાં જનજાગૃતિ અભિયાન રૂપે બેનર્સ/સ્ટીકર્સ લગાડેલ છે. તેમજ તમામ પાર્ટીપ્લોટ, મેરેજ હોલ ખાતે પણ પેમ્પલેટ વિતરણ અને બેનર લગાવવામાં આવેલ છે.

(૨) આદર્શ ભવન ખાતે ભાગવત સપ્તાહમાં ૨૦૦ માસ્કઆપવામાં આવેલ છે.

(૩) નર્મદ લબયબ્રેરી ખાતે મુલાકાતીઓ / રીડર્સ રૂમ ના મુલાકાતીઓ માટે માસ્ક વિતરણની વ્યવસ્થા ગોઠવવામાં આવેલ છે.

(૪) નગર પ્રાથમીક શાળામાં ૨૫૦ વિદ્યાર્થીઓને ઉકાળો પીવડાવવામાં આવેલ છે.

(૫) અમી ચેરીટેબલ ટ્રસ્ટે આગામી દિવસોમાં ઉકાળો બનાવી વિતરણ કરવામાં રસ દાખવેલ છે.

# પ્રેસનોટ – નોર્થઝોન (કતારગામ) –સુરત મહાનગરપાલિકા

નોર્થઝોન (કતારગામ) વિસ્તારમાં તા.૨૫/૦૨/૨૦૧૫ ના રોજ કરવામાં આવેલ કામગીરીની વિગત નીચે મુજબ છે.

આરોગ્ય વિભાગ દ્વારા ૨૭૫ મે.ટન કચરાનો નિકાલ કરવામાં આવેલ ૫૩ ઈસમોને નોટીસ આપવામાં આવેલ તેમજ વહીવટી ચાર્જ પેટે રૂા.૮,૫૦૦/– વસુલ લેવામાં આવેલ છે. ૫૪ ડ્રેનેજ ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. વી.બી.ડી.સી. વિભાગ દ્વારા ૨૧૫૨ ઘરનો સર્વે કરવામાં આવેલ. જે પૈકી ૧૧૧ વ્યકિતની સ્લાઈડ લેવામાં આવેલ છે. ઘરોના સર્વે દરમ્યાન ૦૬ જગ્યાએ માલુમ પડેલ બ્રિડીંગનો નાશ કરવામાં આવેલ છે. ૦૪ ઈસમોને નોટીસ આપવામાં આવેલ છે.

આકારણી અને વસુલાત વિભાગ દ્વારા સુમુલ ડેરી રોડ, વસ્તાદેવડી રોડ વિ., કતારગામ દરવાજાથી બાળાશ્રમ, કુબેરનગર, પારસ સોસાયટી વિ., ફુલપાડા નવી / જુની જી.આઈ.ડી.સી., વેડ, વેડરોડ પંડોળ ઈન્ડ., ડભોલી સિંગણપોર રોડ, બાપાસીતારામ ચોક, મગનનગર, વેડરોડથી પ્રાણનાથ, વિજયનગર, પ્રભુનગર, લક્ષ્મીકાંત આશ્રમ રોડ, ગજેરા રોડની સોસાયટી વિગેરે વિસ્તારમાંથી કુલ ૩૪૬ કરદાતાઓ પાસેથી કુલ રૂા.૨૧,૫૧,૬૭૦/– નો વેરો ભરપાઈ કરાવવામાં આવેલ છે. તથા ૦૨ મિલ્કતને સીલ મારવામાં આવેલ છે. અને સ્થળ ઉપર રૂા.૧,૫૦,૧૧૦/– ની વસુલાત કરી તથા ૦૧ મિલ્કતના નળ કનેકશન કાપવામાં આવેલ છે.

વ્યવસાયવેરા/ ગુમાસ્તાધારા વિભાગ દ્વારા વ્યવસાયવેરા ઝુંબેશ સઘન બનાવવા કડક પગલાં રૂપે કાર્યવાહી હાથ ધરતાં કતારગામ વિસ્તારમાં કુલ–૬૫ મિલ્કતોનું સર્વે કરવામાં આવેલ છે. વેરા વસુલાતની કામગીરી હેઠળ કુલ ઈ.સી.ની ૪૧ એન્ટ્રીમાં રૂા.૧,૪૩,૨૧૫/– અને આર.સી.ની. ૨૪ એન્ટ્રીમાં રૂા.૨,૮૫,૩૩૦/– મળી કુલ રૂા.૪,૨૮,૫૪૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ગુમાસ્તાધારા નવી નોંધણીની ૦૨ એન્ટ્રીમાં રૂા.૪૦/–, રીન્યુઅલની ૨૫ એન્ટ્રીમાં રૂા.૧,૨૮૦/– અને દંડની રકમની ૦૩ એન્ટ્રીમાં રૂા.૫૦૦/– ની વસુલાત કરવામાં આવેલ છે.

ડ્રેનેજ ખાતા દ્વારા ૧૬ ડ્રેનેજ ચોકઅપની ફરીયાદનો નિકાલ કરવામાં આવેલ છે. ૦૬ મેનહોલ રીપેરીંગ કરવામાં આવેલ છે.

પાણી ખાતા દ્વારા ૦૪ સ્થળ પર લીકેજ દુરસ્તીની કામગીરી કરી.

શહેર વિકાસ ખાતા દ્વારા આઈ.સી.ના નાણાં પેટે ફાયનલ ટી.પી. (વ્યાજ સહિત)ના રૂા.૮૪૩/– ની વસુલાત કરવામાં આવેલ.

ઈમ્પેકટ ફી પેટે ૧૨૬ ફાઈલના રૂા.૨૬,૧૦,૩૧૫/– ની વસુલાત કરવામાં આવેલ છે.

જમીન મિલ્કત વિભાગ દ્વારા EWS આવાસ ચીકુવાડીની વસુલાત રૂા.૩,૦૦૦/– મિલ્કત જમીન ભાડાના રૂા.૧૪૨/– મંડપ ચાર્જના રૂા.૧૭૦/– તેમજ દબાણ ચાર્જના રૂા.૪,૭૨૦/–, વહીવટી ચાર્જ રૂા.૧,૨૫૦/– તેમજ હોર્ડિંગ્સ ચાર્જ રૂા.૧૨,૫૩૧/– મળી કુલ રૂા.૨૧,૮૧૩/– ની વસુલાત કરવામાં આવેલ છે. કોસાડ આવાસનાં રૂા.૨,૦૦,૪૭૬/– ની વસુલાત કરવામાં આવેલ છે. દબાણ ખાતા દ્વારા ૧૯ લારી જપ્ત કરવામાં આવેલ છે.

# પ્રેસનોટ – સાઉથઝોન(ઉધના) – સુરત મહાનગરપાલિકા

તા.૨૬.૦૨.૨૦૧૫ નાં રોજ સાઉથઝોન(ઉધના) ના ઈજનેર વિભાગ ધ્વારા ગૃડા એકટ– ૨૦૧૧ અંતર્ગત કુલ : ૪૮ ફાઈલના રૂા.૮.૬૦ લાખ રૂપિયા વસુલ લેવામાં આવેલ છે.,કુલ–૦૯ લોકેશન(ખાડા)૫૧૦.૦૦ ચો.મી. પેચવર્કની કામગીરી કરી કુલ ૩૧.૬૭૦ મે.ટન ડામરનો ઉપયોગ લેવામાં આવેલ છે., કુલ–૦૭ લોકેશન(ખાડા) ૧૬૫.૦૦ ર.મી. મેટલીંગની કામગીરી કરવામાં આવેલ છે.કુલ–૦૯ લોકેશન ૨૭૫૦.૦૦ ચો.મી. સ્ક્રેપીંગની કામગીરી કરવામાં આવેલ છે., તથા ટી.પી.૫૯(ઉન)બી.આર.ટી.એસ.રૂટ ૫૨ ના ઓટલા ૫૦.૦ ચો.મી. માપ વિસ્તારમાં નડતરરૂપ ઓટલા દૂર કરવામાં આવેલ તથા ટી.પી.૫૭(પાંડેસરા) ભેદવાડ ખાતે રહેણાંક ઝુપડાનું દબાણ ૩૦.૦ ચો.મી. માપ વિસ્તારમાં દૂર કરવામાં આવેલ,તથા પાણીના નવા કનેકશન કુલ ૧૧ આપવામાં આવેલ તથા આઈ.સી.નાં નાંણા પેટે રૂા.૧૩,૦૨૪/– વસુલ લેવામાં આવેલ,આકારણી વિભાગ ધ્વારા આવેલ કુલ અરજીઓની સંખ્યા ૬૧ છે.,જેમાં નિકાલ કરવામાં આવેલ કુલ અરજીઓની સંખ્યા :૭૧૭ છે.,પ્રોપર્ટી ટેક્ષની આવક રૂા.૨૩.૬૯ લાખ થયેલ છે.તથા વ્યવયાસ વેરા વિભાગ ધ્વારા વ્યવસાય વેરાની આવક રૂા.૫.૩૨ લાખ થયેલ છે.,૦૯ ભહ તથા ૦૫ ચહ નોંધાયેલ છે.,નોંધણી ફી,રીન્યુ. ફી , ફેરફાર ફી તથા ડુપ્લીકેટ લાયસન્સ ફી પેટે કુલ રૂા.૧૪૧૧/– વસુલ કરવામાં આવેલ છે.વહીવટી ખર્ચ પેટે રૂા.૧૦૦૦/– વસુલ લેવામાં આવેલ છે.,૨૯ સંસ્થા રીન્યુ કરવામાં આવી તથા ૦૪ સંસ્થાની નવી નોંધણી કરવામાં આવેલ છે. તથા આરોગ્ય વિભાગ ધ્વારા સફાઈ કરેલ જીલ્લાની સંખ્યાઃ૩૮૭ છે.,ઉંચકાવેલ કન્ટેનરની સંખ્યાઃ૯૯ છે., નિકાલ કરેલ સોલીડવેસ્ટ :૧૫૧.૧૦૦ મે.ટન છે.,આપવામાં આવેલ નોટીસ ની સંખ્યાઃ૨૫ છે.,વસુલ કરેલ વહીવટી ખર્ચઃ રૂા.૧૭,૭૦૦/–છે.તથા વી.ડી.સી. વિભાગ ધ્વારા કુલ :૮૭૧૪ ઘર સર્વે કરવામાં આવેલ., કુલઃ૧૯૪૭૩ બ્રિડીગ સ્પોટ ચેક કરવામાં આવેલ છે.,મળી આવેલ બ્રિડીંગની સંખ્યાઃ ૩૩ છે જે પૈકી તમામ બ્રિડીંગનો નાશ કરાવવામાં આવેલ છે., કુલ સ્લાઈડ કલેકશનઃ૯૨૦ કરવામાં આવેલ છે. જયારે ૧૦ નોટીસ આપવામાં આવેલ છે.

## –:: પ્રેસનોટ ::–

તા.૨૬.૦૨.૧૫ ના રોજ સુરત મહાનગરપાલિકા આરોગ્ય વિભાગ તથા સુરત શહેર પોલીસના સંયુકત સહકારથી 'તમાકુ નિયંત્રણ અધિનિયમ – ૨૦૦૩ ' મુજબ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ પ્રતિબંધિત હોઈ જે અંતર્ગત અભિયાન હાથ ધરવામાં આવેલ. જે સંદર્ભે આજરોજ તમામ ઝોનમાં આવેલ શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરતા ઈસમો સામે નીચે મુજબની શિક્ષાત્મક કાર્યવાહી કરવામાં આવેલ. જેથી શૈક્ષિણિક સંસ્થાઓની ફરતે ૧૦૦ વારની ત્રિજયાના વિસ્તારમાં તમાકુ પ્રોડકટસ વેચાણ કરનારાઓમાં સન્નાટો ફેલાય જવા પામ્યો છે.

| ઝોન | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટ વેચાણ કરતી સંસ્થાની સંખ્યા | શૈક્ષણિક સંસ્થાની ૧૦૦ વારની ત્રિજયામાં તમાકુ પ્રોડકટનું વેચાણ કરતા ઝડપાયેલ ઈસમોની સંખ્યા | જપ્ત કરવામાં આવેલ તમામ તમાકુ પ્રોડકટસની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ રૂા.માં |
|---|---|---|---|---|
| સેન્ટ્રલ | ૬૭ | ૩૨ | ૧૧૨ | ૬૪૦૦ |
| વરાછા | ૧૨૬ | ૫૮ | ૧૭૮ | ૧૧૬૦૦ |
| રાંદેર | ૪૧ | ૨૪ | ૧૦૮ | ૪૮૦૦ |
| કતારગામ | ૧૧૨ | ૪૫ | ૨૪૫ | ૮૯૦૦ |
| ઉધના | ૮૯ | ૭૮ | ૧૦૧૭ | ૧૫૫૦૦ |
| લિંબાયત | ૩૬ | ૩૧ | ૭૮૫ | ૬૨૦૦ |
| અઠવા | ૩૮ | ૧૧ | ૧૨ | ૨૨૦૦ |
| કુલ | ૫૦૯ | ૨૭૯ | ૨૪૫૭ | ૫૫૬૦૦ |

## સુરત મહાનગરપાલિકા – જાહેર આરોગ્ય વિભાગ – સ્વચ્છ ભારત અભિયાન

મહાત્મા ગાંધીજીની સને ૨૦૧૯ માં ઉજવવામાં આવનાર ૧૫૦ મી જન્મજયંતિ અંતર્ગત, "સ્વચ્છ ભારત અભિયાન" અંગે વિવિધ યોજનાઓ / કાર્યક્રમો / પ્રવૃત્તિઓ અમલમાં મુકી સ્વચ્છ ગુજરાત – સ્વસ્થ ગુજરાત કરવા, ગુજરાતને ઝીરો વેસ્ટ, ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત કરવા નકકી કરવામાં આવેલ છે. જે અન્વયે તા.૦૯/૦૨/૨૦૧૫ થી તા.૨૮/૦૨/૨૦૧૫ સુધીના સમયગાળા દરમિયાન વિવિધ ઝોન વિસ્તારમાં સ્વચ્છતા / આરોગ્ય સંબંધિત કામગીરી કરવાનું નકકી કરવામાં આવેલ છે. જે પૈકી તા.૨૬/૦૨/૨૦૧૫ નાં રોજ શહેરમાં જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલો જેવા તમાકુ પ્રોડોકટસના વેચાણ અર્થે પ્રતિબંધિત વિસ્તારોમાં તમાકુ, ગુટખા, પાન મસાલા, બીડી સિગારેટ તથા અન્ય તમાકુની બનાવટોના વેચાણ તથા જાહેરમાં થૂંકવા પર પ્રતિબંધના અમલીકરણના ચેકીંગની કામગીરી કરાવવામાં આવેલ છે.

આ અભિયાન દરમ્યાન જાહેર સ્થળો, ઓફિસો, સરકારી / અર્ધસરકારી સંસ્થાઓ, શાળા–કોલેજ, હોસ્પિટલોની આસ–પાસના વિસ્તારોમાં તમાકુ પ્રોડકટસનું વેચાણ કરતી કુલ ૬૧૮ લારી / પાનના ગલ્લા / સંસ્થાઓમાંથી, ૧૧૨૫–ગુટખા, ૧૨૬૬– તમાકુની પડીકી, ૯૪– બીડી બંડલ અને ૯૮– સિગારેટ પેકેટસ જપ્ત કરી, કુલ–૫૧ નોટીસ પાઠવી, રૂા. ૫૪,૬૦૦/– વહીવટી ચાર્જ વસુલ કરવામાં આવ્યો.

## પ્રેસનોટ – સુરત મહાનગરપાલિકા – એફોર્ડેબલ હાઉસીંગ સેલ

**મા. મુખ્યમંત્રી ગૃહ યોજના હેઠળ LIG તથા EWS સ્કીમના જે અરજદારોની અરજીઓ વેલીડ હતી પરંતુ અગાઉનાં વિવિધ તબકકે યોજાયેલ કોમ્પ્યુટરાઈઝડ ડ્રો માં આવાસની ફાળવણી થયેલ ન હતી, તેવા અરજદારો આગામી ડ્રો માં ભાગ લેવા માટે રૂબરૂ હાજર રહી લેખિતમાં સંમતિ આપી ગયેલ. સદરહુ અરજદારોને આવાસ ફાળવવા અંગેનો કોમ્પ્યુટરાઈઝડ ડ્રો તા.૨૭/૦૨/૨૦૧૫ ના રોજ સવારે ૧૦:૦૦ કલાકે સુરત મહાનગરપાલિકાની મુખ્ય કચેરીની નવી એનેક્ષી બિલ્ડીંગના સ્થાયી સમિતી ખંડ ખાતે યોજવામાં આવનાર છે, જેમાં સંબંધિત અરજદારો ઉકત તારીખ, સમય અને સ્થળે હાજર રહી શકશે.**